₹ ૨૦/-

# પ્રભુ અર્પણ

**એપ્રિલ - ૨૦૨૩**

**(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)**



**અવતારયુગ્મની લીલા**

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

તમે અત્યારની ક્ષણે અહીં છો, એટલે કે પૃથ્વી ઉપર છો, તેનું કારણ એ છે કે એક વખત તમે પોતે એ પસંદ કર્યું હતું, — તમને હવે એ યાદ નથી રહ્યું પણ હું તે જાણું છું — એટલે તમે અહીં છો. તો તમારે એ કાર્યની મહાનતાને અનુરૂપ બનવું જોઈશે. તમારે પ્રયત્ન કરવો પડશે. તમારે બધી લઘુતાઓ અને બધી મર્યાદિતતાઓને જીતવી જોઈશે. સૌથી વધુ તો તમારે તમારા અહંકારને એ કહેવું પડશે કે તારો સમય ચાલ્યો ગયો છે. આપણે એવી માનવજાતિ જોઈએ છે કે જેનામાં અહં ના હોય, જેનામાં અહંને બદલે એક દિવ્ય ચેતના હશે. આપણે એ જ જોઈએ છે. દિવ્ય ચેતના જોઈએ છે, કે જે માનવજાતિને પોતાનો વિકાસ કરવા દેશે અને અતિમનસ સ્વરૂપને જન્મ લેવામાં મદદ કરશે.

શ્રી માતાજી

શ્રી અરવિન્દ પરમાત્માનો સ્થાયી અવતાર છે. શ્રી અરવિન્દ હંમેશાં આપણી સાથે છે અને આપણે સૌ એમના સતત સંપર્કમાં રહી શકીએ છીએ, જો આપણે એને માટે જરૂરી એવી ક્રિયા કરીએ તો — એ ક્રિયા છેઃ એમને પ્રેમ કરવો.

**શ્રી માતાજી**

(White Roses, Part II, P. 3)

દિવ્ય માતાજી એ પ્રભુની ચેતના અને શક્તિ છે — જે સર્વ કોઈની જનેતા છે.

**શ્રી અરવિન્દ**

('મા' - પુસ્તક)

# પ્રભુ અર્પણ

**(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)**

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

એપ્રિલ - ૨૦૨૩ વર્ષ : ૦૯ અંક : ૦૪

# અનુક્રમ

## અવતારયુગ્મની લીલા



| | |
|---|---|
| શ્રી અરવિન્દનું નિવાસ સ્થાન | ૦૬ |
| શ્રી અરવિન્દની સંનિધિ | ૧૦ |
| શ્રી અરવિન્દ અને શ્રી માતાજી | ૧૪ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૩ |


*

**તંત્રીનોંધ :** બાહ્ય પાર્થિવ રંગમંચ છોડી ગયા બાદ પણ અવતારની લીલાનો અંત આવતો હોતો નથી. એ લીલા ત્યારબાદ મહત્તર શક્તિ અને ગતિ ધારણ કરતી હોય છે. સ્થૂળ દેહથી મુક્ત થવાથી (જેમાં જડદ્રવ્ય ઉપર વિશિષ્ટ કાર્ય માટે અવતરણ જરૂરી બન્યું હતું) અવતાર દ્વારા આવિર્ભાવ પામેલી ચેતના અને શક્તિ વૈશ્વિક રીતે કાર્ય કરવાનો આરંભ કરી દે છે. અને એ વધુ શક્તિથી કાર્ય કરે છે. માત્ર એટલું જ નહિ એમની દિવ્ય પ્રકારની માનવી પાર્થિવ વ્યક્તિતા પૃથ્વી અને એવા લોકોને સહાય કરતી રહે છે જેઓ શ્રદ્ધાપૂર્વક અભિમુખ થતા હોય છે અને જે દિવ્ય કાર્ય માટે અવતારનું આગમન થયું હોય છે તે દિવ્ય કાર્ય માટે અવતાર પર અવલંબન રાખતા હોય છે. આ અંકમાં શ્રી અરવિન્દ જે લીલા કરી રહ્યા છે, જેની હકીકત શ્રી માતાજીએ પ્રકટ કરી  છે એ વિષયની ચર્ચા કરવામાં આવી છે.



**શ્રી અરવિન્દ સદાસર્વદા આપણી વચ્ચે જ છે,**
**અને જે લોકો એમને જોવા અને સાંભળવા તત્પર હોય છે**
**તેમની સમક્ષ પોતાને પ્રકટ કરે છે.**

**CWM 13: 11** **શ્રી માતાજી**

# શ્રી અરવિન્દનું નિવાસસ્થાન

## દેહત્યાગનો નિર્ણય

મને સ્પષ્ટપણે, ચોક્કસ રીતે યાદ છે (આજે પણ એમના કક્ષનું એ સમગ્ર વાતાવરણ પણ હું જોઈ રહી છું) એક વખત મારી એમની સાથે સાથે થયેલી વાતચીત.... એ કયા સંદર્ભે થઈ હતી તે મને અત્યારે યાદ નથી... એ સંદર્ભ હતો.... (એ વાતચીત અગાઉ શું થયું હતું તે હું ભૂલી ગઈ છું.) એમણે મને જણાવ્યું હતુંઃ

'આપણે બંને પૃથ્વી ઉપર રહી શકીએ નહિ. આપણા બેમાંથી એકે જવું જ પડે.'

પછી મેં એમને કહ્યું હતું. 'હું તૈયાર છું', 'હું જઈશ'. પણ એમણે મને કહ્યું હતુંઃ 'ના, તમે ન જઈ  શકો, તમારું શરીર મારા શરીર કરતાં સારું છે, તમે રૂપાંતરની પ્રક્રિયામાંથી મારા કરતાં સારી રીતે પસાર થઈ શકો.'

અને એમાં વિચિત્રતા એ છે કે... આ બધી શારીરિક મુશ્કેલીઓ થઈ તેના પહેલાં જ આ વાતચીત થઈ હતી.

પણ એ વાતચીતને હું વધુ પડતું મહત્ત્વ આપતી નથી; એ તો એમણે જ્યારે દેહત્યાગ કર્યો ત્યારે એકાએક મને એનું સ્મરણ થઈ આવ્યું હતું, અને મને વિચાર આવ્યો હતો કે 'ઓહ! તેઓ એ જાણતા હતા!' એ હતું... મને ખબર નથી. એ લગભગ અનુમાન જેવું જ હતું. તમે સમજ્યા? તેઓ એનો ઉલ્લેખ માત્ર કરી રહ્યા હતા. પેલા બીજા મકાનમાંથી આ મકાનમાં અમે આવ્યાં હતાં તે સમયે (ફેબ્રુઆરી ૧૯૨૭માં) આ બન્યું હતું. કારણ એ બન્યું હતું પેલા કક્ષમાં, એક દિવસે (અહીં નીચે) અને એ બન્યું હતું એમને અકસ્માત નડ્યો હતો એ પહેલાં, એમનો પગ ભાંગી ગયો હતો એ અગાઉ એ વાતચીત થઈ હતી. એમના પગનો અકસ્માત થયો હતો ૨૪ નવેમ્બર, ૧૯૩૮ના રોજ. પણ એ વાતચીત શેના અનુસંધાનમાં થઈ હતી એ હું ભૂલી ગઈ છું. એ સ્મૃતિમાંથી નીકળી ગયું છે.

પણ મને વાતચીત સ્પષ્ટપણે યાદ છે, એટલી તો સ્પષ્ટપણે કે હું એ કક્ષ, તેમાંની પ્રત્યેક વસ્તુ, તેઓ કેવી રીતે બેઠા હતા અને એમણે કેવી રીતે મને જણાવ્યું હતુંઃ 'આપણે બંને પૃથ્વી ઉપર રહી શકીએ નહિ.' એ મને બરાબર યાદ છે.

(The Mother : Conversation with a Disciple, July 26, 1969)

***

## ચૈત્ય પુરુષ સાથેની કડી

શ્રી અરવિન્દે જ્યારે દેહત્યાગ કર્યો હતો ત્યારે મને એ ખબર હતી કે મારે ચૈત્ય પુરુષ સાથેની કડી કાપી નાખવાની હતી; અન્યથા હું પણ એમની સાથે જ ગઈ હોત. પણ મેં

એમને  વચન આપ્યું હતું કે હું પૃથ્વી પર રહીશ અને કાર્ય ચાલુ રાખીશ એટલે મારે એમ કરવું જ પડ્યુંઃ ચૈત્ય પુરુષ સાથેની કડી કાપી નાખવી પડી. મેં ચૈત્ય પુરુષ પરત્વેનું દ્વાર વાસ્તવિક રીતે બંધ કરી દીધું હતું. અને હું બોલી હતીઃ 'આ ક્ષણે એનું અસ્તિત્વ હવે રહેતું નથી.' અને એ પરિસ્થિતિ દશ વર્ષ સુધી રહી હતી. દશ વર્ષ બાદ ધીરે ધીરે પછી એ દ્વાર ખૂલવાનો પ્રારંભ થઈ રહ્યો હતો. પણ એ અનુભવ જ્યારે મને થયો હતો ત્યારે મને આશ્ચર્ય થયું હતું. મને નવાઈ લાગી હતી કે એવું શા માટે થયું? મને શા માટે આદેશ પ્રાપ્ત થયો હતો અને મારે એમ કેમ ફરવું પડ્યું?  અને દેહમાં જ્યારે દિવ્ય પ્રેમ સાથે એકરૂપતા થઈ હતી ત્યારે (થોડા દિવસ પહેલાં) કોશોને સમાન ઘટનામાંથી પસાર થવું પડ્યું હતું. અને મને એ સમજ પ્રાપ્ત થઈ હતી કે સમગ્ર ભૌતિક વિશ્વ શા માટે બંધ થઈ ગયું હતું. કારણ કે ભૌતિક વિશ્વ દિવ્ય પ્રેમની અનુભૂતિ વગર પણ ટકી શકે એટલા માટે એ બંધ થઈ ગયું હતું. સ્વાભાવિક રીતે જ હું એ સમજી ગઈ હતી કે શા માટે મને મારા ચૈત્ય પુરુષને બંધ કરી દેવાનું જણાવવામાં આવ્યું હતું. એની સાથેની કડી મારે શા માટે કાપી નાખવી પડી હતી... કારણ સાચે જ એ અશક્ય હતું... શ્રી અરવિન્દની હાજરી વગર બાહ્ય રીતે હું અસ્તિત્વમાં ટકી રહી શકું એમ હતું જ નહિ. ઠીક, પછીથી કોશોને પણ એ સમજ પ્રાપ્ત થઈ કે તેમણે અસ્તિમાં  રહેવાનું છે અને દિવ્ય પ્રેમની સંનિધિ વગર જ એમનું જીવન જીવવાનું છે. અને એ રીતે જ વિશ્વમાં એ ઘટનાએ સ્થાન લીધું. ભૌતિક વિશ્વની રચના અને એના વિકાસ માટે એ ઘટના જરૂરી હતી.

પણ કદાચ, આપણે એ સમયની નજીક પહોંચી રહ્યાં છીએ જ્યારે ચૈત્યપુરુષને ફરીથી ખુલ્લો થવા દેવામાં આવશે.

(The Mother : Conversation with a Disciple, July 27, 1966)

***

આપણે એને આ રીતે સમજી શકીએ : વિશ્વ તૈયાર ન હતું. પણ તમને સત્ય કહેવા માગું તો એમની આસપાસની વસ્તુઓની સમગ્રતા તૈયાર ન હતી. એટલે તેમણે આ નિહાળ્યું કે વસ્તુઓ વધુ ઝડપી બનશે, જો તેઓ ત્યાં ન હોય તો.

અને એમણે આ કર્યું હતું... એમણે એ સર્વ એ રીતે સહન કર્યું કે એ કંઈક અભાનતા છે, સામાન્ય માંદગી છે... અને એમને જ્યારે જવાનું હતું તે જ ક્ષણે એમણે વિદાય લીધી... પણ....અને એમણે જેવી વિદાય લીધી ત્યારે તેઓ ગયા છે એની કલ્પના પણ હું ન કરી શકી, એ બન્યું મારી સમક્ષ, મારી હાજરીમાં... અને પછી તેઓ પોતાના દેહની બહાર આવ્યા અને મારા દેહમાં પ્રવેશ્યા ત્યારે મને બધી સમજ પ્રાપ્ત થઈ ગઈ... એ હતું વિલક્ષણ....

(The Mother : Conversation with a Disciple, October 19, 1960)

## સૂક્ષ્મ શારીરિકમાં શ્રી અરવિન્દનું નિવાસસ્થાન

એમણે એ કહેલું છે કે તેઓ પ્રથમ અતિમાનસ દેહ સાથે જ માત્ર પાછા આવશે. પ્રથમ અતિમાનસ દેહ શ્રી અરવિન્દનો જ હશે. આ જ વસ્તુની જાહેરાત એમણે કરી હતી. અને એ હાલ થવાનું નથી. એને માટે ઘણો સમય છે. આપણે રાહ જોઈ શકીએ, અતિમાનસ દેહ માટેનો સમય હજુ પાક્યો નથી. વિશ્વને એને માટે તૈયાર કરવું પડશે, એને માટે સમય લાગી જશે....

એ સાચું છે કે શ્રી અરવિન્દ જે સર્વ લોકો, જેઓ અહીંથી જતા રહે છે તથા એમને માટે પુનઃ અવતારનું જે કાર્ય રહે છે એમાં તેઓ રોકાયેલા હોય છે.

(શ્રી માતાજી લખાણ કરે છેઃ)

શ્રી અરવિન્દ સૂક્ષ્મ શારીરિકમાં છે અને સર્વ સમય તેઓ જે લોકો અહીંથી વિદાય લે છે અને જે લોકો પાછા આવે છે એ સર્વની સંભાળ રાખે છે.

***

એક દિવસ હું સૂક્ષ્મ શારીરિકમાંના શ્રી અરવિન્દના નિવાસમાં એકાએક પહોંચી ગઈ હતી તેની વાત મેં તમને કરી છે? ઠીક, એ જાણે કે એવું હતું કે મેં એક પગલું ભર્યું અને આપણાં આ ભૌતિક વિશ્વ કરતાં વધુ વાસ્તવિક વિશ્વમાં હું પ્રવેશી ગઈ હતી — વધુ વાસ્તવિક એ રીતે કે વસ્તુઓ ત્યાં વધુ સત્યને સમાવતી હતી. મેં એ સૂક્ષ્મ શારીરિક વિશ્વમાં શ્રી અરવિન્દ સાથે સારો એવો સમય પસાર કર્યો હતો અને સમય પૂરો થયો ત્યારે મેં બીજું પગલું ભર્યું હતું અને હું અહીં આપણા આ વિશ્વમાં પાછી આવી ગઈ હતી....

***

૧૫ ઑગસ્ટ પહેલાં થોડા સમય અગાઉ મને એક અનુપમ અનુભૂતિ થઈ હતી. એ અનુભૂતિ આ સર્વના ઉદાહરણરૂપ છે. સૌ પ્રથમ વખત અતિમાનસ પ્રકાશ સીધેસીધો મારા દેહમાં પ્રવેશ્યો હતો — આંતર સ્વરૂપમાંથી પસાર થયા વિના — સીધેસીધો એ પ્રવેશ્યો હતો. એ પ્રકાશ પ્રવેશ્યો હતો પગ મારફતે. (લાલ અને સોનેરી રંગ, — શાનદાર, ઉષ્મ, ઉત્કટ (રંગનો પ્રકાશ) અને એ પ્રકાશ ઉપર ને ઉપર ચઢતો રહ્યો હતો. અને એ પ્રકાશ જેમ ઉપર ચઢતો ગયો તેમ શરીરમાં તાવ પણ વધતો ગયો, કારણ શરીર એ પ્રકાશની ઉત્કટતાથી ટેવાયેલું ન હતું. અને એ બધો પ્રકાશ મસ્તક નજીક પહોંચ્યો અને મને લાગ્યું કે હું તૂટી જઈશ, મારા દેહના ચૂરેચૂરા થઈ જશે. અને એટલે જ અનુભૂતિ થવી બંધ થઈ જવી જોઈએ એમ હું વિચારવા લાગી હતી. પણ પછી મને એવો નિર્દેશ સ્પષ્ટપણે આપવામાં આવ્યો હતો કે મારે સ્વસ્થતા અને શાન્તિનું અવતરણ કરાવવું, આ સર્વ શરીર-ચેતના અને આ સર્વ કોશોનો વિસ્તાર સાધવો જેથી તેઓ અતિમાનસ

પ્રકાશનો સમાવેશ કરી શકે. એટલે મેં વિસ્તાર સાધ્યો, અને એ પ્રકાશ જેમ આરોહણ કરી રહ્યો હતો તેમ હું વિશાળતા અને સ્થિર શાન્તિને નીચે ઉતારી લાવી. અને અચાનક જ, મૂર્છાની એક ક્ષણ આવી ગઈ હતી.

મેં જોયું તો હું અન્ય વિશ્વમાં હતી, પણ બહુ દૂર નહિ (હું પૂરેપૂરી સમાધિ અવસ્થામાં ન હતી), આ વિશ્વ ભૌતિક વિશ્વ જેટલું જ નોંધપાત્ર હતું. ત્યાં ઓરડાઓ (કક્ષો) હતા. – શ્રી અરવિન્દનો કક્ષ, એ જે પથારી પર આરામ કરતા હતા એ પથારી સહિત. તેઓ ત્યાં નિવાસ કરતા હતા. સર્વ સમય ત્યાં જ રહેતા હતા. એ હતું એમનું નિવાસસ્થાન. મારો કક્ષ પણ ત્યાં હતો. આ વિશાળ અરીસો અહીં છે એવો જ અરીસો ત્યાં પણ હતો. કાંસકો અને એવી સર્વ વસ્તુઓ પણ ત્યાં હતી. એ વસ્તુઓનું દ્રવ્ય, ભૌતિક વિશ્વમાં હોય છે એવું ઘટ્ટ જ હતું, પણ એ વસ્તુઓ તેમના પોતાના જ પ્રકાશથી પ્રકાશમાન હતી. એ હતી સ્વ-પ્રકાશિત, એ અર્ધપારદર્શક કે પારદર્શક ન હતી.

**સત્યનું જગત** એ જગત સંપૂર્ણપણે તૈયાર છે. આપણા હાલના જગત જેવી વસ્તુ તરીકે. ત્યાં સર્વ કંઈ છે, બધું જ ત્યાં છે. હું એ અવસ્થામાં પૂરા બે દિવસ માટે રહી હતી, સંપૂર્ણ સુખના બે દિવસ. અને સર્વ સમય શ્રી અરવિન્દ મારી સાથે જ હતા. સર્વ સમય – હું જ્યારે ટહેલતી હતી ત્યારે તેઓ મારી સાથે ટહેલતા હતા. હું જ્યારે બેસી જતી ત્યારે તેઓ મારી સાથે બેસી જતા. ૧૫ ઑગસ્ટના રોજ દર્શન સમયે પણ તેઓ સતત ત્યાં વિદ્યમાન હતા. પણ આ હકીકત વિશે કોણ સભાન હતું? કોઈ પણ નહિ અને આ સર્વ લોકો મેં શ્રી અરવિન્દને બતાવ્યા, કાર્યનું આ સમગ્ર ક્ષેત્ર, અને એમને પૂછયું હતુંઃ આ અન્ય વિશ્વ, વાસ્તવિક વિશ્વ, જે ત્યાં છે, એટલું તો સમીપ, તે આવીને આપણા આ જૂઠાણાના વિશ્વનું સ્થાન ક્યારે લઈ લેશે? શ્રી અરવિન્દે જવાબ આપ્યો હતો : તે તૈયાર નથી.

આમ સંપૂર્ણ પરમસુખના બે દિવસો શ્રી અરવિન્દે મને આપ્યા હતા. પણ બીજા દિવસને અંતે મને પ્રત્યક્ષ થયું કે હું ત્યાં જ રહેવાનું ચાલુ રાખી શકું નહિ, કારણ કાર્ય આગળ વધી રહ્યું ન હતું. કાર્ય તો શરીરમાં રહીને જ થવું જોઈએ; સાક્ષાત્કાર અહીં, આ ભૌતિક દેહમાં જ સિદ્ધ થવો જોઈએ, એમ ન થાય તો એ સાક્ષાત્કાર પૂર્ણ બને નહિ. એટલે એ વિશ્વમાંથી હું પાછી આવી ગઈ અને અહીં ફરીથી કાર્યારંભ કરી દીધો.

(The Mother : Conversation with a Disciple, October 6, 1959)

***

# શ્રી અરવિન્દની સંનિધિ

## શ્રી અરવિન્દ વધુ સુગમ્ય થયા છે

નિઃશંક, હવે તમે સહેલાઈથી શ્રી અરવિન્દ સાથે વહેવાર રાખી શકો છો. એવા ઘણા લોકો છે જે પોતાની જાતને શ્રી અરવિન્દના સંપર્કમાં મૂકે છે અને પોતાના પ્રશ્નોના પ્રત્યુત્તરો મેળવે છે. તેઓ આપણે માટે વધુ સુગમ્ય થયા છે અને તેઓ ખૂબ જ વધુ સક્રિય છે....

જો કશુંક બરાબર ન હોય અને તમારે એનું કારણ જાણવું હોય, અથવા તો તમે તમારી કોઈ નબળાઈથી છુટકારો મેળવવા માગતા હો, તમારે સાજા થવું હોય, સ્વચ્છ થવું હોય, શુદ્ધ થવા માટે કોઈ મુશ્કેલી દૂર કરી દેવી હોય – કોઈ પણ ઉત્તર મેળવવા માટે સમાધિ પાસે આવો અને શ્રી અરવિન્દ સમક્ષ તમારો પ્રશ્ન રજૂ કરો. તમને પ્રત્યુત્તર મળી જશે. માત્ર તેમનો ઉત્તર જ નહિ, તેમના આશીર્વાદ પણ તમને પ્રાપ્ત થઈ જશે. શ્રી અરવિન્દની કરુણા, શાંતિ અને એમનો પ્રકાશ તમને પ્રાપ્ત થઈ જશે. એમનો પ્રેમ જે સર્વશક્તિશાળી છે તે તમને ઘેરી લેશે, તમારો કબજો લઈ લેશે. એક વખત તમે તમારી જાતને પૂરેપૂરી રીતે તેમને સોંપી દેશો તો સર્વ દુર્ઘટનાઓ સામે તમને રક્ષણ પૂરું પાડવામાં આવશે. એ આના જેવું છે – એમની અસર. જેઓ સરળ છે, સત્યનિષ્ઠ છે, વિનમ્ર છે તેમની સમક્ષ તેઓ પોતાને પ્રકટ કરે છે. તેઓ ત્યાં છે, (સમાધિમાં) પૂરેપૂરા સભાન અને જગતની સર્વે પ્રવૃત્તિઓનું માર્ગદર્શન કરી રહ્યા છે.

એમની હાજરી સમાધિ આસપાસ સર્વત્ર સઘન રીતે આંદોલન રૂપે અનુભવાય છે. એમની અસર સાધકના કેન્દ્રસ્થ સ્વરૂપને ભેદીને અંદર પ્રવેશે છે, એ સ્વરૂપને સ્પર્શે છે અને સાધકની ચેતનાને આધ્યાત્મિક જીવન પ્રતિ સભાન કરે છે. અજ્ઞેયવાદી સુદ્ધાં, નાસ્તિકો, દુર્ભાવના ધરાવતા લોકો, જે લોકો કુતુહલવૃત્તિથી સમાધિની મુલાકાતે આવતા હોય છે તેઓ પણ ત્યાંની રહસ્યમય રસાયનવિદ્યા, એના કીમિયાથી આશ્ચર્યચકિત થઈને પાછા ફરે છે. એમને ત્યાં આંતર શાન્તિનો અનુભવ થાય છે. એનું કારણ એ જ કે શ્રી અરવિન્દ ત્યાં, સમાધિ આસપાસ તેમની શાન્તિ અને કરુણાની વર્ષા સતત કરતા રહે છે. લોકો જ્યારે એમની સમક્ષથી પસાર થતા હોય છે ત્યારે એમની આ શાન્તિ અને કરુણા તેમને તરબોળ કરી દે છે. શ્રી અરવિન્દની શક્તિ અને એમની સંનિધિની એ છે માની ન શકાય એવી વધુ સઘન ક્રિયા. (Blessings of the Grace pp 121-22)

*

## સમાધિ પર શ્રી અરવિન્દ સ્વયં છે

હું જ્યારે સમાધિ પ્રતિ નજર કરું છું અને ત્યાં શું થઈ રહ્યું છે તે નિહાળું છું ત્યારે આંખોને આંજી નાખતા પ્રકાશનો સ્તંભ, જે ઊર્જા સહિત હાલતો હોય છે તે જોઉં છું તથા

એક રૂપાંતરકારી શક્તિને ત્યાં જોઉં છું ત્યારે હું ચકિત બની જાઉં છું. એ સ્તંભ આ મુજબ ઉપર ઊઠતો હોય છે. (શ્રી માતાજી હસ્ત વડે ઉપરની દિશામાંની ગતિ દર્શાવે છે.) એ સ્તંભ પ્રકાશના ધોધ માફક સમાધિની લંબાઈ તેમ જ પહોળાઈ જેટલા કદમાં ઝળહળાટ અને તેજ સહિત ઉપર ઊઠતો હોય છે. એ હોય છે મૂર્ત્ત સ્વરૂપ પામતો નૂતન પ્રકાશ....

સમાધિ એ છે ધ્યાન કરવા માટેનું પવિત્ર સ્થાન. ત્યાં વાતો કરવાની નહિ. કદાપિ સમાધિ સમીપ બોલવું નહિ – એમ કરીને વ્યક્તિ ત્યાંના વાતાવરણમાં ખલેલ પહોંચાડતી હોય છે. શ્રી અરવિન્દ ત્યાં એમના ઐશ્વર્યયુક્ત દેહ સહિત વિદ્યમાન છે. એમનો એ દેહ સૂક્ષ્મ ગતિવિધિ સહિત સમગ્ર વિશ્વને પુષ્ટ કરે છે. અને આંશિક રીતે પડદા પાછળ રહેલી એમની ચેતનાનો દિવ્ય અવતરણ માટે ધીરે ધીરે આવિર્ભાવ કરતા રહે છે.

દિવ્ય શક્યતા માટેની વિદ્યમાન ખાતરી છે એમની હયાતી. દિવ્ય પ્રકાશ અને દિવ્ય શક્તિ સહિત પ્રસરી રહેલી દિવ્યતાનું એ છે વચન, એની ખાતરી – દિવ્ય આવિર્ભાવ પરત્વેની ક્રમિક આગેકૂચ અને એટલા માટે જ સમગ્ર વાતાવરણ દિવ્ય ઉન્નત શાંતિથી સભર છે. તમે સમજ્યા? તેઓ ત્યાં છે, એમના દિવ્ય દેહમાં – પોતે જ દિવ્ય બની ગયેલા સ્વરૂપે, સમગ્ર માનવજાતિના પ્રતિનિધિ રૂપે... મને એમ લાગે છે કે જે હૃદય એકલક્ષી છે, તીવ્રતાપૂર્વક જે ઈશ્વર-પ્રાપ્તિની અભીપ્સા સેવે છે, એવું હૃદય સમાધિ સમીપ ઉપસ્થિત થાય અને શ્રી અરવિન્દના – પ્રભુના – પરમાનંદ સિવાય અન્ય કોઈ વસ્તુની ઇચ્છા ન સેવે તો તે એવા આનંદના પ્રદેશમાં પહોંચી જશે, જે સર્વશક્તિમાન સ્વર્ગોમાં અનુભવાતા અત્યાનંદ કરતાં ખૂબ જ સારો અને ઊર્ધ્વતર પ્રદેશ હોય છે, પૃથ્વીએ કદાપિ ન જાણેલા પ્રદેશ કરતાં પણ વધુ સુંદર, વધુ ઉચ્ચ.

શ્રી અરવિન્દના ભક્તો અને જેઓ અભીપ્સા સેવે છે – શ્રી અરવિન્દ સાથે પોતાની ચેતનાને એક કરી દેવાની સાચી અભીપ્સા સેવે છે – તેઓ, હાલ તમે મને જે રીતે જુઓ છો એટલી જ સઘન રીતે શ્રી અરવિન્દની ભવ્ય સંનિધિના પ્રતાપનો અનુભવ કરી શકશે. અને જે લોકો તેમની સાથે વાતચીત કરવા માગે છે તેમને શ્રી અરવિન્દનો પ્રત્યુત્તર એકસરખી રીતે મળતો રહેશે. (Blessings of the Grace pp 122-25)

*

### શ્રી અરવિન્દ સર્વત્ર છે

તમે જાણો છો, શ્રી અરવિન્દે જ્યારે દેહત્યાગ કર્યો.... તેઓ જ્યારે પોતાનો દેહ છોડી દેવા માગતા હતા ત્યારે ૫ ડિસેમ્બરથી ૯ ડિસેમ્બર સુધી તેઓ રહ્યા હતા.... એ સમય દરમિયાન તેઓ અકલ્પનીય ચેતનાથી સભર હતા. એમના દેહમાંથી ચેતનાની સક્રિય પ્રવૃત્તિ પ્રસરી રહી હતી. એ એટલું તો સઘન, એટલું શારીરિક હતું કે એમની અંદરનું સર્વ કંઈ આશ્ચર્યકારક શક્તિ વડે આંદોલિત થઈ રહ્યું હતું. એ ભૌતિક રીતે એટલું

તો સઘન હતું.... તે સમયે હું એમના પલંગની બાજુમાં જ ઊભી હતી. અને હું એ જોઈ રહી હતી કે શ્રી અરવિન્દ સભાનપણે પોતાનામાંથી બહાર નીકળી રહ્યા હતા અને સીધા મારી અંદર પ્રવેશી રહ્યા હતા; આ રીતે, શારીરિક રીતે, એ અસાધારણ ઘટના હતી. મારી ચેતનામાં એમની ચેતના પ્રવેશી રહી હતી તે હું અનુભવી શકતી હતી, મારી ચેતનામાં એ ચેતના રેડાતી હતી તેનું ઘર્ષણ પણ અનુભવી શકાતું હતું. એ એટલું બધું સઘન હતું. એમાં એટલી તો ઉત્કટતા હતી કે એ મારી અંદર, મારી ચેતનાને ભેદીને અંદર એ રીતે ઊંડે ઊતરતું હતું કે એનું ઘર્ષણ હું અનુભવતી હતી. એ સંપૂર્ણપણે બાહ્ય પ્રકારની ક્રિયા હતી, ભૌતિક ક્રિયા. એ પ્રમાણે તેમની સમગ્ર ચેતના મારામાં પ્રવેશી ગઈ હતી, કારણ એ એકસમાન ચેતના જ છે.

અને જતાં પહેલાં તેઓએ મને સર્વ કંઈ આપી દીધું હતું. સર્વ કંઈ, સર્વ કંઈ, નિરંકુશપણે તથા સંપૂર્ણ સ્વાર્પણ સહિત. જાણે કે એમની સમગ્ર ચેતના મારી અંદર ઓગળી ગઈ હતી. અને એ પ્રક્રિયા કલાકોના કલાકો સુધી ચાલુ રહી હતી. આહ ! એ એવી તો ભૌતિક ઘટના હતી કે કોઈ એની કલ્પના પણ કરી શકે નહિ. હું એનું વર્ણન કરી શકું નહિ.... તેઓ સર્વ કંઈ મારે માટે મૂકી ગયા છે. (Blessings of the Grace, PP. 98-102)

*

## કાર્ય એકસમાન જ છે

**પ્રશ્ન :** માતાજી, આપ શ્રી અરવિન્દને વિશે માહિતગાર થયાં તે અગાઉ આપે એમની સાથે કોઈ સંદેશાની આપ લે કરી હતી ? મેં અમુક પુસ્તકોનું વાચન કર્યું છે જેમાં જણાવાયું છે કે આપ તથા શ્રી અરવિન્દે એકસમાન કાર્ય જ કર્યું છે.

**ઉત્તર :** કાર્ય એકસમાન જ હતું અને છે પણ, કારણ મારી તથા એમની પ્રેરણાનો સ્રોત સમાન જ છે : પરમાત્મા.

ડિસે. ૧૦ ૧૯૬૭, Blessings of the Grace

(શ્રી માતાજીના અન્ય એક પત્ર ઉપરથી)

કાર્ય છે સમગ્ર માનવજાતિને નૂતન સર્જન, એટલે કે અતિમાનસ માનવજાતિ માટે તૈયાર કરવામાં મદદ કરવી.

મે ૧૯, ૧૯૬૮

*

શ્રી માતાજી આ પુસ્તકમાંનુ છેલ્લું વાક્ય રસપૂર્ણ છે, હૃદયસ્પર્શી છે.

તેમના વિના મારું કોઈ અસ્તિત્વ નથી,
મારા વિના તેમનો આવિર્ભાવ નહિ થાય.

તમે જાણો છો, આ સંપૂર્ણ સત્ય છે. પુસ્તકમાં મેં એ કઈ રીતે રજૂ કર્યું છે તેનો મને ચોક્કસ ખ્યાલ નથી, પરંતુ તેમના વિના મારું અસ્તિત્વ સંભવી શકે નહિ અને મારા વિના

તેમનો આવિર્ભાવ થઈ શકે નહિ. એક, અન્ય માટે પૂરક છે. પરંતુ સત્ય એ છે કે અમે બંને એક જ છીએ, એક જ. એ એક જ વસ્તુ છે, એક જ હસ્તી છે, જે આવિર્ભાવમાં બે અલગ રૂપો ધારણ કરે છે, સૃષ્ટિને ટકાવી રાખવા માટે. એના સિવાય એ એક જ છે — હું અને તેઓ. એમાં કોઈ તફાવત નથી, કોઈ જુદાઈ નથી, કોઈ ભેદ નથી, એક, અનન્ય અને એકસમાન. તેઓ જે છે, તે હું છું, તાત્ત્વિક રીતે, સમગ્રતયા. એ આના જેવું છે (શ્રી માતાજી બંને હાથની આંગળીઓ એકબીજામાં પરોવે છે) અમે એકરૂપ છીએ, એક, ભેદ રહિત.... (Blessings of the Grace, PP. 104-05)

*

## શ્રી અરવિન્દની જાજરમાન સંનિધિ

એમના ભક્તો અને જેઓ અભીપ્સા કરતા હોય છે — તેમની ચેતનાને સાચી રીતે શ્રી અરવિન્દ જેઓ પોતાની પ્રચંડ સંનિધિ સહિત આ સ્થાન પર પ્રભુત્વ ધરાવે છે — સાથે જોડી દેવા માગતા હોય છે. તેઓ શ્રી અરવિન્દની જાજરમાન સંનિધિની ભવ્યતાને પામે છે, જે રીતે તમે મને હાલ જોઈ રહ્યાં છો એટલી જ સઘન રીતે અને જે લોકો એમની સાથે સંપર્ક કેળવવા માગે છે તેઓ એમનો અવિચળ ઉત્તર પ્રાપ્ત કરે છે. તેઓ હાજર છે - સર્વશક્તિમાન, એમની સર્વશક્તિ સહિત અને પડદા પૂઠળે રહી નૂતન સર્જનની અધ્યક્ષતા કરી રહ્યા છે.... વિશ્વ માનવોની ક્રૂરતાથી થાકી ગયું છે, લોહી વહી રહ્યું છે અને હિંસાખોરીનું વર્ચસ્વ વધી રહ્યું છે. આપણે આટલો ભયંકર વિનાશ કદાપિ જોયો નથી. માનવો પશુ બની ગયા છે, પશુઓ કરતાં પણ ખરાબ બની ગયા છે.

...જ્યાં સુધી માનવ તેની ચેતનાનું પરિવર્તન સિદ્ધ કરવાનો પ્રયત્ન નહિ કરે... એ ઉકેલી ન શકાય એવી મડાગાંઠ છે. કોઈ પણ, નહિ માનવ, નહિ વ્યક્તિઓ, અસાધારણ શક્તિઓ ધરાવનાર એ અંગે કશું કરી શકે એમ છે નહિ. ઈશ્વર અને વિરોધી શક્તિઓ વચ્ચેની ખીણને પૂરી શકે નહિ. માનવને એની આ અવસ્થામાં ધકેલી દેનાર છે અજ્ઞાન.

પણ ચિંતા કરશો નહિ. એક, જેને આ જવાબદારી સોંપવામાં આવી છે, એક, જે વિશ્વાસપાત્ર છે, ભરોસાપાત્ર છે, તે નૂતન વિશ્વની સરહદો પ્રતિ માનવને લઈ જવા કાર્યરત છે. તેઓ મુશ્કેલીઓ અને અવરોધોને અવિરત જડમૂળથી ઉખેડી નાખી રહ્યા છે, માનવને એ એક પ્રકાશમાન ભાવિ તરફ દોરી રહ્યા છે. તેઓ, માત્ર એકલા જ આ બીમારીનો ઇલાજ કરી શકે એમ છે, કારણ તેઓ જ છે આપણા અસ્તિત્વના સ્વામી. વિશ્વાસ રાખો અને સર્વ કંઈ બરાબર થઈ જશે. આ કદાચ, માનવ ઉત્ક્રાંતિની સર્પાકાર ગતિમાં, પાર્થિવ અસ્તિત્વની ઉથલપાથલમાં સૌથી નીચામાં નીચા બિંદુએ પહોંચ્યો છે તે દર્શાવે છે. પણ તુર્તજ આપણને પ્રકાશનું દર્શન થશે — મહાન પરિવર્તનની આશા નજરે પડશે. પ્રભુની હાજરીની ખાતરી — એ જ એકમાત્ર પૃથ્વી ઉપર ઈશ્વરના સામ્રાજ્યને નીચે ઉતારી લાવી શકે અને એ સામ્રાજ્યની અહીં સ્થાપના કરી શકે.

(The Mother : Conversation with a Disciple, June 24, 1961)

# શ્રી અરવિન્દ અને શ્રી માતાજી





## ૧૫ ઓગસ્ટ, ૧૯૭૧નો શ્રી માતાજીનો સંદેશ

(ઓલ ઇન્ડિયા રેડિયો, પોંડિચેરીને પ્રસારણ માટે આપેલો સંદેશ)

આજે શ્રી અરવિન્દની જન્મશતાબ્દીવર્ષનો પ્રથમ દિવસ છે. શ્રી અરવિન્દે પોતાના શરીરનો ત્યાગ કર્યો હોવા છતાં તેઓ હજુ પણ આપણી સાથે છે, જીવંત અને સક્રિય.

શ્રી અરવિન્દ ભવિષ્ય સાથે સંકળાયેલા છે અને તેઓ ભવિષ્યના સંદેશવાહક છે. ઈશ્વરીય સંકલ્પ દ્વારા નિર્મિત સુંદર ભાવિને મૂર્ત કરવાનું કાર્ય ઝડપી બનાવવા માટે કયા માર્ગનું અનુસરણ કરવું તેનું માર્ગદર્શન હજુ પણ તેઓ કરી રહ્યા છે.

માનવજાતિની પ્રગતિ માટે તેમજ ભારતના ઉજ્જ્વળ ભાવિ માટે જેઓ સહકાર સાધવા માગતા હોય તેવા સૌ કોઈએ આ અલૌક્કિ અભીપ્સા અને ઉન્નત કાર્યમાં એક થઈ સહકાર સાધવો જોઈએ.

શ્રી માતાજી

*

## સૌથી વધુ આહ્લાદક ૧૫મી ઑગસ્ટ, (૧૯૬૨)

૧૫મી ઑગસ્ટના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે આપણે સમૂહધ્યાનનું આયોજન કર્યું હતું. હું મેજ સમક્ષ સંપૂર્ણ નીરવતામાં અહીં બેઠી હતી. અને પછી... હું એમ ન કહી શકું કે શ્રી અરવિન્દ આવ્યા હતા, કારણ કે તેઓ હંમેશાં અહીં હાજર છે જ, પરંતુ તેઓ એક વિશિષ્ટ રીતે પ્રકટ થયા હતા. મૂર્ત રૂપે, સૂક્ષ્મ શારીરિક ભૂમિકાએ તેઓ એટલા ઊંચા થઈ ગયા હતા કે પલાંઠી વાળીને બેસતાં (જે રીતે અહીં લોકો બેસતા હોય છે.) તેઓએ સમગ્ર કમ્પાઉન્ડને આવરી લીધું હતું. અને કમ્પાઉન્ડની પણ બહારનો થોડો વિસ્તાર આવરી લીધો હતો. તેઓ વાસ્તવિકતામાં સમગ્ર કમ્પાઉન્ડ ઉપર બેસી ગયા હતા. અને એ રીતે બેસી ગયા હતા કે ધ્યાન માટે બેસેલા લોકો એમની અંદર સમાવાઈ ગયા હતા, બેઠેલા લોકોને એમણે આવરી લીધા હતા કે ઢાંકી દીધા હતા એવું નહીં. તેઓ એ મુજબ બેઠા હતા (લોકોના મસ્તક ઉપર નહિ) અને હું અનુભવી શકી (હું અહીં જ હતી) સૂક્ષ્મ શારીરિકમાંની એમની હાજરીનું ઘર્ષણ - એકદમ શારીરિક ઘર્ષણ ! અને મેં તેઓને જોયા (તમે એ સારી રીતે સમજો છો કે, હું માત્ર આ દેહમાં પુરાયેલી રહેતી નથી) મેં તેઓને ત્યાં બેઠેલા જોયા, ખૂબ જ ઊંચા અને સંપૂર્ણપણે પ્રમાણસર અને પછી સૌમ્યપણે તેઓએ નીચે અવતરણ શરૂ કર્યું — અને એ અવતરણે ઘર્ષણ પેદા કર્યું હતું ન તેઓ ખૂબ જ હળવેથી અવતરણ કરી રહ્યા હતા, જેથી લોકોને આંચકો ન લાગે. પછી તેઓ ત્યાં નીચે ઊતરી સ્થિર થઈ ગયા અને આશરે અડધો એક કલાક સુધી રહ્યા, થોડી વધુ મિનિટો, એ રીતે ત્યાં રહ્યા, એકદમ સ્થિર ! પરંતુ દરેક વ્યક્તિ ઉપર પૂરેપૂરી એકાગ્રતાપૂર્વક. લોકો એમની અંદર હતા.

હું હસી રહી હતી, ખરેખર, તમે એમને એ રીતે હરેક સ્થળે અનુભવી શકો (શ્રી માતાજી પોતાના સમગ્ર શરીરને સ્પર્શ કરે છે) દરેક જગ્યાએ અને એવી શાન્તિ સહિત ! એવી તો શાન્તિ, એવી તો શક્તિ, એવું તો બળ... અને પછી શાશ્વતી, વિશાળતા અને સંપૂર્ણતાની અનુભૂતિ. સંપૂર્ણતાની અનુભૂતિ. જાણે કે બધું ચરિતાર્થ થઈ ગયું હતું, અને પછી વ્યક્તિ જાણે શાશ્વતીમાં જીવન ધારણ કરતી હતી.

એ અનુભૂતિ ફરજ પાડનારી હતી. એની અનુભૂતિ ન કરવા માટે વ્યક્તિએ પૂરેપૂરા જડ હોવું જોઈએ...

... અને પછીથી એમ ન હતું કે તેઓ એકાએક ત્યાંથી જતા રહ્યા, તેઓ ધીરે, ધીરે, ધીરે ધીરે જતા હતા, જાણે કે કોઈ વસ્તુનું બાષ્પીભવન ન થઈ રહ્યું હોય, પછી વસ્તુઓ અગાઉ હતી એવી થઈ ગઈ...

... મેં અનેક વખત તેઓને એમના અતિમાનસિક પ્રકાશમાં નિહાળ્યા છે, તેઓ વારંવાર આવતા રહે છે (હું જ્યારે બાલ્કનીમાં જતી ત્યારે તેઓ આવતા હતા, અમુક સમયે તેઓ સમાધિથી ઊર્ધ્વમાં દેખાતા, તેઓ ઘણી વખત આવ્યા છે) પણ પેલી વખતે... સૌ પ્રથમ તો એનું પરિમાણ બેહદ પ્રચંડ હતું. મેં તમને જણાવ્યું એ મુજબ, નીચે બેસતી

વખતે (પલાંઠી વાળીને) તેઓ કમ્પાઉન્ડને પણ અતિક્રમી ગયા હતા, અને તેઓ એ રીતે ભૌતિક કક્ષાએ પ્રકટ થયા કે એમની હાજરીની અનુભૂતિ વ્યક્તિને શારીરિક રીતે થઈ શકે ! અને એમાં એવો તો વિશ્વાસ હતો, એવો આનંદ, એવી શાશ્વતીની લાગણી જાણે કે બધું સિદ્ધ કરી લેવામાં આવ્યું હોય, પૂર્ણતા પ્રાપ્ત કરી લેવામાં આવી હોય...

એ અનુભૂતિ લગભગ પોણો કલાક સુધી રહી હતી,
પછીથી વસ્તુઓ અગાઉ હતી તેવી થઈ ગઈ હતી.

(શાન્તિ)

આપણે અનુભવેલી એવી સૌથી વધુ આહ્‌લાદક હતી એ ૧૫મી ઑગસ્ટ. એ અનુભૂતિ પોણો કલાક રહી હતી.

(શાન્તિ)

એક વાત, (તેઓ આ મુજબ પ્રકટ થવાના છે એ તેઓએ મને જણાવ્યું ન હતું) મને જ્યારે જણાવવામાં આવ્યું કે લોકો અડધો કલાકના ધ્યાન માટે ભેગા થવાના છે ત્યારે એકાએક જ મારી અંદરની કોઈ વસ્તુએ એ વાતને ગંભીરતાથી લીધી 'ઘણું સારું'. એટલે મેં ધ્યાન માટેની બધી તૈયારી કરી લીધી અને લગભગ ૯-૪૫ કલાકે હું મેજ સમક્ષ બેસી ગઈ. અને પછી એ અનુભૂતિની શરૂઆત થઈ. પાંચેક મિનિટમાં એ પૂર્ણપણે સ્પષ્ટ થઈ ગઈ. આહ ! અને પછી હું એ સારી રીતે સમજી ગઈ.

તેઓએ આપણને સુંદર ભેટ આપી છે. તેમનું સંપૂર્ણ માધુર્ય, સંપૂર્ણ ભવ્યતા, તેમની સર્વ શક્તિ, અને પૂરેપૂરી સ્વસ્થતા — બધું જ ત્યાં હતું — અને તેઓ જ્યારે એમના દેહમાં હતા અને જે રીતે આ બધું અનુભવાતું હતું તેના કરતા વધુ સઘન રીતે અને વધુ સ્પષ્ટપણે અનુભવાયું હતું !

... અને આ અનુભૂતિ ખૂબ જ સઘન હતી. એકદમ સઘન. એ જાણે કે... તમને એમાં જકડી લેવામાં આવ્યા હોય અને એમાંથી છૂટી શકાય એમ હોય જ નહિ. એવી હતી એ અનુભૂતિ - પૂરેપૂરી સંપૂર્ણ. (Mother India, Aug, 2004 P 735 - 36)

**શ્રી માતાજી**

*

૨૧-૨-૬૮

મારાં સંસ્મરણો ટૂંકમાં આ પ્રમાણે છે.
હું ભારતમાં શ્રી અરવિન્દને મળવા માટે આવી હતી. હું શ્રી અરવિન્દની સાથે રહેવા માટે ભારતમાં રહી. જ્યારે શ્રી અરવિન્દે દેહત્યાગ કર્યો ત્યારે તેઓનું કાર્ય કરવા માટે મેં અહીં રહેવાનું ચાલુ રાખ્યું. તેઓનું કાર્ય છે સત્યની સેવા તેમ જ માનવજાતિની પ્રબુદ્ધતા દ્વારા પૃથ્વી ઉપર દિવ્ય પ્રેમના સામ્રાજ્યની ઝડપથી સ્થાપના.

CWM 13 : 45 **શ્રી માતાજી**

*

## હું માત્ર કાર્ય કરવા માટે જ રહી છું

ઊર્ધ્વમાંથી કાર્ય કરીને આ બધી વસ્તુઓ પર વ્યક્તિ નિયંત્રણ કેળવી શકે છે, એમને એમના સ્થાનમાં પકડી રાખી શકે છે. એ વસ્તુઓને કોઈ દુઃખદાયી આરંભ કરતાં રોકી શકે છે, પરંતુ તે એ વસ્તુ નથી.... રૂપાંતર કરવું એટલે રૂપાંતર જ કરવું.

સ્વામિત્વ પણ પ્રાપ્ત કરી શકાય – ઊર્ધ્વમાંથી આમ કરવું તે તદ્દન સહેલી વાત છે. પરંતુ રૂપાંતર માટે વ્યક્તિએ અવતરણ કરવું પડે, નીચે ઊતરવું પડે. અને એ ભયંકર છે.... એમ ન કરવામાં આવે તો અવચેતન કદાપિ રૂપાંતરિત થાય જ નહિ, એ જેવું છે તેવું જ રહેશે....

કાર્ય માટે અહીં રહેવાનું જરૂરી ન હોત તો મેં પણ શ્રી અરવિન્દની સાથે જ દેહત્યાગ કરી દીધો હોત... માત્ર કાર્ય માટે જ હું અહીં રહી છું. કારણ કાર્ય તો કરવાનું હતું જ. તથા શ્રી અરવિન્દે મને એ કાર્ય કરવાનું જણાવ્યું હતું અને હું તે કરી રહી છું. નહિ તો વ્યક્તિ જ્યારે પૂરેપૂરી માત્રામાં સભાન હોય છે ત્યારે દેહ વગરની અવસ્થામાં એ ખૂબ જ ઓછી મર્યાદિત હોય છે, ઓછી સીમિત હોય છે. સો જુદી જુદી જગ્યાએ વ્યક્તિ એકસાથે સો માણસોને મળી શકે; જે રીતે શ્રી અરવિન્દ હાલ કરી રહ્યા છે તે જ પ્રમાણે.

(The Mother : Conversations with a disciple : February 18, 1961)

## પ્રથમ મુલાકાત

...મારાં અનેક દર્શનોમાં મેં શ્રી અરવિન્દનું દર્શન કર્યું હતું; શારીરિક રીતે તેઓ જે રીતે દેખાય છે તેવા જ મેં એમને જોયા હતા; પરંતુ ઐશ્વર્યયુક્ત, મારી પ્રથમ મુલાકાત વખતે મેં જે વ્યક્તિને નિહાળી હતી તે : એકદમ પાતળો દેહ, સુવર્ણમય તાંબાની ઝાંય, અવ્યવસ્થિત દાઢી અને લાંબા વાળ, ધોતી ધારણ કરેલ, જેનો એક છેડો ખભા ઉપર નાખેલો હતો, ભુજાઓ અને વક્ષઃસ્થળ ખુલ્લું, પગ ઉઘાડા. એ સમયે મેં વિચાર્યું હતું આ છે **'Vision artire'**, દર્શન ! હું તે સમયે ભારત વિશે કશું પણ જાણતી ન હતી. ભારતીય લોકોને ભારતીય વસ્ત્રપરિધાનમાં મેં કદાપિ જોયાં ન હતાં.... ઠીક, મેં એમનાં દર્શન કર્યાં અને તુર્ત જ મને પ્રતીકાત્મક દર્શનો થયાં... આધ્યાત્મિક સત્યોનો અનુભવ થયો.

અને હું એમની સમક્ષ હિન્દુ પ્રાણાલી મુજબ સાષ્ટાંગ દંડવત્ પ્રણામની મુદ્રામાં લાંબી થઈને ઢળી પડી હતી.... મેં એમ સહજ કર્યું હતું અને સાથોસાથ બાહ્ય સ્વરૂપ પૂછી રહ્યું હતું : 'આ બધું શું છે ?' અગાઉ મેં શરીરથી સાંષ્ટાંગ પ્રણામ ક્યારેય કર્યાં ન હતાં...

મેં એ દર્શન કાગળ પર લખી લીધું હતું; પરંતુ એના વિશે મેં કોઈને જણાવ્યું ન હતું. (સ્વાભાવિકપણે કોઈ પણ વ્યક્તિ આવી વસ્તુ વિશે વાત કરતી હોતી નથી). અને મારી છાપ એવી હતી કે એ દર્શન સૂચક હતું. ભાવિની આગાહીરૂપ હતું અને ભવિષ્યમાં એવું

કંઈક બનશે જ એમ મને લાગ્યું હતું... અને એ દર્શન ચેતનાની પૃષ્ઠ ભૂમાં સતત ટકી રહ્યું હતું....

હું અહીં આવી હતી... મારી અંદરનું કંઈક સૌ પ્રથમ શ્રી અરવિન્દને એકાન્તમાં મળવા ઝંખી રહ્યું હતું. છસવારે એમને મળવા ગયા હતા અને મારે એમને બપોરે મળવા જવાનું હતું. તેઓ હાલ જે જૂનું ગેસ્ટ હાઉસ તરીકે ઓળખાય છે એના બીજા ઓરડામાં રહેતા હતા. હું દાદર ચઢી અને તેઓ દાદરના ઉપરના ભાગે મારી રાહ જોતા ઊભા હતા... મને જે દર્શન થયું હતું તેવું આબેહૂબ દશ્ય ! એજ પ્રમાણેનું વસ્ત્રપરિધાન, એ જ સ્થિતિ, એ જ આકૃતિ, એમનું મસ્તક ઉન્નત ! તેમણે પોતાનું મસ્તક મારા પ્રતિ ફેરવ્યું... અને મેં એમનાં ચક્ષુઓમાં જોઈ લીધું કે 'તેઓ' જ છે. બે વસ્તુઓ સ્પષ્ટ થઈ ગઈ. (એકાએક આંચકો લાગ્યો હોય એવો સંકેત). આંતરિક અનુભૂતિ તુર્ત જ બાહ્ય અનુભૂતિ સાથે એક થઈ ગઈ અને એ બંને (આંતરિક અને બાહ્ય) અનુભૂતિઓનું એકીકરણ થઈ ગયું...

### પુનરાગમન

પરંતુ આ મારા દર્શનનો આરંભ માત્ર હતો. અનુભૂતિઓની હારમાળા, દસ મહિનાનો પોંડિચેરીમાંનો મુકામ, પછી પાંચ વર્ષની જુદાઈ, પોંડિચેરીમાં પુનરાગમન, ફરી પાછું એ જ ઘરમાં, એ જ રીતનું પુનઃમિલન – અને દર્શનની ફલુશ્રુતિ મળી આવી... હું એમની બાજુમાં જ ઊભી હતી... અમે બંને, એકબીજાની સાથે ઊભાં હતાં, ખુલ્લી બારી બહાર અમારી દૃષ્ટિ સ્થિર થયેલી હતી અને પછી એક જ ક્ષણે, અમે બંનેએ એકસાથે અનુભવ્યું કે : **'Now the Realization will be accomplished'.** 'હવે સાક્ષાત્કાર સિદ્ધ થઈ શકશે.' મહોર લાગી ચૂકી હતી... અને સાક્ષાત્કાર સિદ્ધ થશે. મારી અંદર વસ્તુઓ કદાવર રીતે અવતરિત થતી મેં અનુભવી – મારા દર્શનમાં જે નિશ્ચિંતતાનો મેં અનુભવ કર્યો હતો એવી જ નિશ્ચિંતતાપૂર્વક. એ ક્ષણ પછી આગળ ઉપર કંઈ કહેવાનું રહ્યું ન હતું – શબ્દો નહિ, કશું જ નહિ. અમે જાણતાં હતાં કે એ 'તે' જ છે.

(The Mother : Conversations with a Disciple : December 20, 1961)

### હું હંમેશાં હાજર હતી

મેં એક વખત જણાવ્યું હતું કે પૃથ્વીના આરંભકાળથી જ્યારે જ્યારે ચેતનાના આવિર્ભાવની શક્યતા હતી ત્યારે ત્યારે હું ત્યાં હતી. આ એક વાસ્તવિક્તા છે. એ જાણે કે સાવિત્રીની કથા જેવી વાત છે. હંમેશાં ત્યાં હતી, હંમેશાં, હંમેશાં. આ યુગમાં, પેલા યુગમાં, – અમુક સમયે એક સાથે ચાર આવિર્ભાવો હતા. ઈટાલિયન અને ફ્રેંચ પુનરુત્થાન સમયે. અને ફરી ઈશુના સમયમાં, તે વખતે પણ.... ઓહ ! તમે જાણો છો, મેં કેટકેટલી વસ્તુઓ યાદ રાખી છે ! એ બધી વાતો જણાવવા માટે ગ્રંથોના ગ્રંથોની જરૂર પડે. અને

પછી, મોટે ભાગે આ કે તે જીવનમાં જેણે ભાગ લીધો હતો તે હતું પ્રાણમય સ્વરૂપનું નિશ્ચિત યોગિક રૂપ, એક રચના – બીજા શબ્દોમાં કહીએ તો કંઈક અમર સ્વરૂપ. (આ પ્રત્યેક રચનાનું સ્વતંત્ર, અમર અસ્તિત્વ હતું.) અને આ વખતે (આ જન્મમાં) હું જ્યારે આવી અને મેં યોગ કરવાની શરૂઆત કરી કે એ બધી રચનાઓ બધી દિશાઓમાંથી પાછી મારી પાસે આવી ગઈ. એ બધી રચનાઓ રાહ જ જોઈ રહી હતી. અમુક રચનાઓ માત્ર રાહ જ જોઈ રહી હતી. બાકીની કંઈક કાર્ય કરી રહી હતી. (એ સર્વે રચનાઓ પોતાનાં વ્યક્તિગત જીવનો જીવી રહી હતી) અને ફરી પાછી એ સર્વે રચનાઓ ભેગી થઈ ગઈ. મને આ બધી સ્મૃતિ છે તેનું કારણ આ જ છે. એ પ્રાણમય સ્વરૂપો એક પછી એક આવવાં લાગ્યાં —જાણે કે પૂર ન આવ્યું હોય ! જળબંબાકાર ! એક રચનાને હું આત્મસાત કરી શકું, એને જોઈ શકું, એને સ્થાને મૂકી શકું, પૂર્ણ કરી શકું ત્યાં બીજી આવી જતી. એ રચનાઓ એકદમ સ્વતંત્ર હોય છે, – અલબત્ત, એ રચનાઓ પોતપોતાનું કાર્ય કરતી હોય છે છતાં સાથોસાથ તેઓ કેન્દ્રિત પણ હોય છે. અને એ સર્વ પ્રકારની હોય છે, તમે જેની કલ્પના કરી શકો એવી, કોઈ પણ પ્રકારની અમુક રચનાઓ તો પુરુષોમાં પણ હોય છે એવી હોય છે, માત્ર નારીજાતિની નહિ....

હું શ્રી અરવિન્દે મળી (સ્થૂળ ભૂમિકાએ) ત્યારે એ બધી રચનાઓ મારી પાસે જ આવતી રહેતી, રાત્રિ પછી રાત્રિ, એમ દરેક રાત્રે અને ક્યારેક દિવસે પણ – જથ્થાબંધ ! પછી મેં એ રચનાઓ વિશે શ્રી અરવિન્દને જણાવ્યું હતું. અને તેમણે મને સમજાવ્યું હતું કે એ એકદમ સ્વાભાવિક હતું. અલબત્ત, એ એકદમ સહજ હોય છે : અને મહાશક્તિના આ અવતાર સાથે (શ્રી માતાજી પોતાના વિશે ત્રીજા પુરુષમાં વાત કરે છે) તો જે કંઈ થોડું ઘણું પણ એની સાથે (મહાશક્તિ સાથે) સંકળાયેલું હોય તે એના કાર્યમાં ભાગ લેવા માગે જ છે. અને એ એકદમ સહજ છે. અને પ્રાણની બાબતમાં તો એ એકદમ સત્ય છે. ..... એટલે સારી એવી સંખ્યામાં પ્રાણમય સ્વરૂપો છે, દરેકની પોતાની આગવી ક્ષમતા મુજબનાં, જેમણે ઇતિહાસમાં પોતાનો ભાગ ભજવ્યો છે અને હવે પાછાં આવી રહ્યાં છે.

(The Mother : Conversations with a disciple, June 27, 1962)

### ભવ્ય સમન્વય પ્રતિ

મને ખબર નથી, હું બહુ સારી રીતે આ રજૂ કરી રહી નથી, – પણ આ અનુભૂતિ એટલી તો સઘન છે કે એને લગભગ શારીરિક અનુભૂતિ ગણી શકાય. એ બન્યું હતું જાપાનના ગ્રામ્ય વિસ્તારના ઘરમાં, સરોવર પાસે, જ્યાં અમે રહેતાં હતાં. સંજોગો, બનાવો, સર્વ પ્રકારની વસ્તુઓની સમગ્ર શ્રેણી હતી – લાંબી, ખૂબ લાંબી કથા છે, કોઈ નવલકથા જોઈ લો. એક દિવસ હું એકલી ધ્યાનમાં બેઠી હતી (મેં કદાપિ ઊંડા

ધ્યાનનો અનુભવ કર્યો નથી, માત્ર ચેતનાની એકાગ્રતાની અવસ્થા — શ્રી માતાજી સમગ્ર સ્વરૂપની આંતર એકત્રિતતાની નિશાની દર્શાવતો સંકેત એકાએક કરે છે) અને હું જોઈ રહી હતી.... તમે જાણો છો મેં જૂઠાણાના દેવને બદલવાનું બીડું ઝડપ્યું હતું. એનું હૃદય પરિવર્તન કરાવવાનું નક્કી કર્યું હતું. એ કાર્ય મેં શારીરિક રૂપમાં અવતરેલ ઉદ્‌ભવેલ વસ્તુ દ્વારા કરવા પ્રયત્ન કર્યો હતો. અને જાપાન નિવાસનાં એ ચાર વર્ષો દરમિયાન મહાનતમ પ્રયત્ન એ માટે મેં કર્યો હતો. ચાર વર્ષો પૂરાં થવામાં આવ્યાં હતાં અને એક એવી આંતર નિશ્ચિંતતા પ્રવર્તી રહી હતી કે કશું પણ કરવાનું હવે રહેતું નથી — અને આ રીતે એ કાર્ય કરવાનું અશક્ય, અશક્ય અને અશક્ય જ હતું. એટલે કંઈ પણ કરવાનું હતું જ નહિ. અને હું ઉત્કટ એકાગ્રતાની અવસ્થામાં હતી. પ્રભુને પૂછી રહી હતીઃ 'ઠીક, મેં તમારી સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી કે હું આ કાર્ય કરીશ.' મેં આમ જણાવ્યું હતુંઃ ''એને માટે નરકમાં ઊતરવું પડે તો હું નરકમાં ઊતરીશ અને આ કાર્ય કરીશ.' હવે મને જણાવો મારે શું કરવું જ રહ્યું?...' શક્તિ તો ત્યાં હતી જ, એકાએક જ મારી અંદરનું સર્વ કંઈ સ્થિર થઈ ગયું. સમગ્ર બાહ્ય સ્વરૂપ પણ પૂરેપૂરું સ્થિર થઈ ગયું અને મને પરમ પ્રભુનું દર્શન થયું.* અને એ દર્શને મને શબ્દશઃ ખરેખર એમના બાહુઓમાં સમાવી લીધી; એ પશ્ચિમ તરફ વળ્યું, ભારત પ્રતિ વળ્યું અને મને અર્પિત કરી દીધી. — અને સામેના છેડે મને શ્રી અરવિન્દ દૃષ્ટિગોચર થયા. એ મેં ભૌતિક રીતે અનુભવ્યું હતું. મેં જોયું, મારાં ચક્ષુઓ બંધ હતાં પણ મેં જોયું (પરમ પ્રભુનું આ દર્શન મને બે વખત થયું હતું — એક વખત અહીં, (પોંડિચેરીમાં) ઘણા લાંબા સમય બાદ. પણ જાપાનમાંનું દર્શન તે હતું પ્રથમ દર્શન.) .... અવર્ણનીય એ એવું હતું કે આ અસીમતાએ જાતે પોતાને એક ભીમકાય સ્વરૂપમાં સીમિત કરી લીધી હતી અને એ ભીમકાય સ્વરૂપે મને ઘાસના પૂળાના તણખલા સમાન ઊંચકી લઈને અર્પિત કરી દીધી હતી. એક પણ શબ્દ નહિ, કશું જ નહિ, માત્ર એ જ ક્રિયા.

પછી બધું અદૃશ્ય થઈ ગયું.

આ દર્શન પછી હું જ્યારે જાપાનથી અહીં પાછી આવી હતી ત્યારે શ્રી અરવિન્દ સાથેની આ મુલાકાત થઈ હતી અને એવીૌ નિશ્ચિંતતા હતી કે મિશન પરિપૂર્ણ થશે.

(The Mother : Conversation with a Disciple, December 20, 1961)

## સભાન યોગ અને ઘનિષ્ઠ મનોમય વિકાસ

મારી ઉંમર લગભગ ૨૧ વર્ષની હશે. જીવનનો અભિગમ બદલાઈ ગયો હતો. અનુભૂતિઓની સમગ્ર શ્રેણી પ્રકટ થઈ હતી, પ્રાણ-શક્તિના વિકાસ સાથે રસદાયી ગૂઢ પરિણામો પ્રાપ્ત થયાં હતાં.

પછી, ઘનિષ્ઠ મનોમય વિકાસનો ગાળો આવ્યો, એ મનોમય વિકાસ એકદમ સમગ્ર રીતનો હતો. બધાં જ તત્ત્વદર્શનોનો અભ્યાસ, સર્વે વૈચારિક અભિપ્રાયોનો

* ગીતાના વિશ્વ દર્શન કરતાં પણ વધુ સુંદર દર્શન

વિગતેપૂર્ણ અભ્યાસ, બધી પ્રણાલીઓ, પદ્ધતિઓમાં પ્રવેશ અને એની પૂરેપૂરી જાણકારી મેળવવી. દશ વર્ષના સઘન મનોમય અભ્યાસો મને શ્રી અરવિન્દ પાસે દોરી ગયા....

તો મેં આ બધી તૈયારીઓ કરી હતી. અને આ બધી વિગતો હું તમારી સમક્ષ રજૂ કરું છું તે તમને એ જણાવવા માટે કે એ સર્વની શરૂઆત ચેતના સાથે થઈ હતી (મને બહુ સારી રીતે એ ભાન હતું કે ચેતના છે; એનું વર્ણન કરવા માટે મારી પાસે વિચાર કે શબ્દ હતો તે પહેલાં ચેતનાના અસ્તિત્વ વિશે હું સભાન હતી) ચેતના અને એની શક્તિ – કાર્યની એની શક્તિ, અમલ કરનારી એની શક્તિ. પછી, પ્રાણ-શક્તિનો વિગતેપૂર્ણ અભ્યાસ અને એનો સંપૂર્ણ વિકાસ. અને પછી મનોમય વિકાસને એની છેક ઉપરની સીમા સુધી લઈ જવામાં આવ્યો હતો, જે અવસ્થાએ તમે સર્વ વિચારોનો સમન્વય કરી શકો. એવી વિકાસલક્ષી અવસ્થા, જે અવસ્થાએ એ સમજ પ્રાપ્ત થઈ ચૂકી હોય કે સર્વ વિચારો સાચા છે અને એ સર્વ વચ્ચે સમન્વય કરવાનો હોય છે અને એ સમન્વયથી પર કંઈક તેજસ્વી અને સત્ય વિચાર રહેલો હોય છે. અને આ સર્વની પૂઠળે એક અવિરત ચેતના રહેલી હોય છે. હું જ્યારે અહીં આવી હતી ત્યારે મારી આંતરવસ્થા આ રીતની હતી. શ્રી અરવિન્દ પાસે હું આવી હતી ત્યારે મને બધી જ અનુભૂતિઓ પ્રાપ્ત થયેલી હતી તથા ઊર્ધ્વમાં રહેલા અને અંતર્યામી ઈશ્વર સાથે મેં સભાનતાપૂર્વકની એકતા પણ સ્થાપિત કરી લીધી હતી. બધું જ સભાનપણે સાક્ષાત કરી લીધું હતું, એ સર્વની કાળજીપૂર્વક નોંધ પણ કરી લીધી હતી. (The Mother : Conversation with a disciple, July 25, 1962)

## શ્રી અરવિન્દનાં લખાણો

શ્રી અરવિન્દે પોતાના જ્ઞાનનો એક અંશ જ આપણને આપ્યો છે અને એને પણ કોઈ પણ વ્યક્તિ સમજી શકે એમ નથી. આ છે તફાવત, અહીં (આશ્રમમાં) હોવાનો. આ પાર્થિવ અસ્તિત્વ, જે એક રહસ્ય છે તેના આનંદનાં દ્વાર તેમણે ખોલી આપ્યાં છે. સત્યને એની શુદ્ધતામાં, એની સમગ્રતામાં તેમણે પ્રકટ કરી દીધું છે. તેમણે આપણે માટે ઉદાત્ત આનંદ અને શુદ્ધિકરણ કરતી જ્યોતિનો સંચય કર્યો છે, જેનાથી વાતાવરણ પૂરેપૂરું તરબોળ થઈ ગયું છે. તમે એ વાતાવરણને શ્વસી રહ્યાં છો, તમે એને આત્મસાત્ કરી રહ્યાં છો, આ વિશિષ્ટ વિશેષાધિકાર, જે અન્ય કોઈ જગ્યાએ પ્રાપ્ત નથી, એને તમે અજાણપણે શોષી રહ્યાં છો, આ વાતાવરણને તમારી અંદર ઉતારી રહ્યાં છો, આ વાતાવરણ તે તમારા અસ્તિત્વનો ભાગ બની રહ્યું છે...

આ અખંડ, એવો સૂક્ષ્મ વિવેક એકરૂપે સમાવી રહ્યું છે, એવી કુશળતા એ દર્શાવી રહ્યું છે, જે આપણી અભિવ્યક્તિના સૌન્દર્યને અતિક્રમી જાય છે અને માળખાને ચોક્કસ સ્વરૂપનું પ્રદાન કરે છે, એક એવા સ્વરૂપનું પ્રદાન, જે સ્વરૂપ સૂક્ષ્મતાસભર છે, સમૃદ્ધિસભર છે. અદ્‌ભુત રીતે કંડારાયેલ કોઈ કળાકૃતિનું દર્શન જાણે એ સ્વરૂપ રજૂ કરતું ન હોય ! .... અભિવ્યક્તિની કળામાં એ પૂર્ણતાનું સૂચન કરે છે. શ્રી અરવિન્દે જે

કંઈ લખાણ કર્યું છે તેમાં તેઓએ આ વસ્તુઓ પ્રકટ કરી છે અને આ જ સર્વ કંઈ નથી, આટલું જ નહિ, હજુ એમાં એવાં રહસ્યો રહેલાં છે, જે છુપાયેલાં છે. એમાં અજ્ઞાત એવી વસ્તુઓ પણ રહેલી છે, જે એવા લોકો સમક્ષ જ પ્રકટ થશે, જેમને અંતઃસ્ફુરણા પ્રાપ્ત હોય છે. શબ્દ એ શક્તિ છે, સામર્થ્ય છે — એ સર્જન કરે છે. જેવું શબ્દનું ઉચ્ચારણ થાય કે તુર્ત એ એક આંદોલન સર્જે છે, જે આંદોલન રૂપ ધારણ કરે છે. અને એ રૂપ પછી ટકી રહે છે, માત્ર એવા લોકો માટે એ રૂપ ટકી રહેતું હોય છે, જે લોકોએ શ્રી અરવિન્દના શિક્ષણના વ્યવહારૂ અર્થને પોતાના જીવનમાં આત્મસાત્ કરવાનો નિર્ધાર કરેલો હોય છે. એ નિર્ધાર થઈ શકે અતિમાનસ જીવન માટે જરૂરી એવું રૂપાંતર સિદ્ધ કરવા માટેની સાધના તેમ જ પ્રયત્ન કરવાથી. (Blessings of the Grace, pp. 115-16)

## પરિવર્તન થઈ ચૂક્યું છે

આ મન દ્વારા પાડવામાં આવેલા પુરાણા ભાગલા છે : ''ઊર્ધ્વમાં, ઉપર વસ્તુઓ ઘણી સારી છે, તમને ત્યાં સર્વ પ્રકારની અનુભૂતિઓ થઈ શકે અને સર્વ વસ્તુઓ ત્યાં પ્રકાશમાન અને અદ્ભુત હોય છે; જ્યારે અહીં, કશું જ શક્ય નથી.'' અને પેલી છાપ, કે વ્યક્તિ જ્યારે જન્મ ધારણ કરે છે ત્યારે એ ફરીથી 'નકામા વિશ્વ'માં પ્રવેશે છે.

(મૌન)

સ્વાભાવિક રીતે જ, વસ્તુઓ સાચી રીતે દ્રઢ થાય, પ્રસ્થાપિત થાય એને માટે સમય તો લાગશે જ. એ યુદ્ધ ચાલી જ રહ્યું છે. દરેક દિશાઓમાંથી, દરેક ભૂમિકાઓ ઉપર, એવી વસ્તુઓ આક્રમણ કરતી રહે છે, જે બાહ્ય રીતે કહેતી રહે છે : 'કશું જ પરિવર્તન પામ્યું નથી.' — પણ આ સાચું નથી, સાચું નથી જ, શરીર સમજે છે કે આ સાચું નથી. ...

હવે મને સમજાય છે, હું જોઉં છું કે એમની (શ્રી અરવિન્દની) વિદાય અને એમણે ઉપાડેલું કાર્ય કેવું તો પ્રચંડ છે, તમે એ જાણો છો, અને આ સૂક્ષ્મ શારીરિક ભૂમિકાએ એમણે કેટકેટલી તો સહાય કરી છે,... વસ્તુઓને તૈયાર કરવામાં, શારીરિક ઘડતરને બદલવામાં જગતો સાથે સંપર્ક કરવામાં જે સર્વ અનુભૂતિઓ પ્રાપ્ત કરી હતી, તે લોકો શારીરિકને અહીં જેમનું તેમ છોડી જતા હતા. (આ કેવી રીતે હું સમજાવું ?) અસ્તિત્વના આરંભથી શ્રી અરવિન્દની વિદાય સુધી હું એવી સભાનતાપૂર્વક જીવી છું કે વ્યક્તિ ઊર્ધ્વારોહણ કરી શકે, જ્ઞાન પ્રાપ્ત કરી શકે, સર્વ અનુભૂતિઓ પ્રાપ્ત કરી શકે; (અને સર્વ અનુભવો વ્યક્તિએ કર્યા પણ ખરા) પરંતુ વ્યક્તિ જેવી પોતાના શરીરમાં પાછી ફરે... ફરી પાછા મનના દુર્લંઘ્ય પુરાણા નિયમો સર્વનું શાસન કરતા થઈ જાય... આમ, આ બધાં વર્ષો તૈયારી કરવામાં, એ નિયમોથી સ્વતંત્ર થવાની તૈયારી કરવામાં પસાર થઈ

ગયાં.... અને આ છેલ્લા થોડા દિવસો... આહ ! શરીર શારીરિક રીતે નોંધી રહ્યું છે કે વસ્તુઓ બદલાઈ ચૂકી છે... પરિવર્તન થઈ ચૂક્યું છે....

હવે એનો વિગતે અમલ કરવાનો રહે છે... પૂરેપૂરી વિગતો સહિત એને અમલમાં મૂકવાનું રહે છે... પરંતુ પરિવર્તન થઈ ચૂક્યું છે – હા, એ સિદ્ધ થઈ ચૂક્યું છે.

... માતાજી પોતાની મુઠ્ઠી મજબૂતીથી વાળીને જણાવે છે : અગાઉ જે અનિવાર્ય લાગતું હતું, જેનાથી છૂટી ના શકાય એવું જે લાગતું હતું : જે લોકોને ઊર્ધ્વતર વિશ્વોની જીવંત અનુભૂતિ થઈ હતી તેઓ એવું વિચારતા હતા કે વ્યક્તિએ સત્યમાં જીવન ધારણ કરવું હોય તો આ જગતમાંથી નાસી છૂટવું જ પડે, આ ભૌતિક વિશ્વનો ત્યાગ કરવો જ પડે... (સર્વે માન્યતાઓ અને મીમાંસાઓનું મૂળ જે છે તે) હવે વસ્તુસ્થિતિ એ મુજબની રહી નથી. હવે શારીરિક દ્રવ્ય ઊર્ધ્વતર પ્રકાશ, સત્ય અને સત્ય ચેતનાને ગ્રહણ કરવા, અને એનો આવિર્ભાવ કરવા સક્ષમ થયું છે.

આ સરળ નથી, એને માટે ધીરજ તથા સંકલ્પ જરૂરી છે; પરંતુ એવો એક દિવસ જરૂર આવશે જ્યારે એકદમ સામાન્ય વસ્તુ બની રહેશે.

(The Mother : Conversation with a Disciple, March 14, 1970)

## મસ્તક ઉપર પ્રકાશમાન અને શક્તિશાળી ચેતના

વાસ્તવિકતામાં મારો પોતાનો યોગ જે ક્રમને અનુસર્યો તે તરફ હું નજર કરું તો.... હું જ્યારે પાંચ વર્ષની હતી (મેં એ પહેલાં જ શરૂઆત કરી હશે, પરંતુ સ્મૃતિ અસ્પષ્ટ અને ખામીયુક્ત છે.) ઠીક, મેં આરંભ ચેતનાથી કર્યો હતો. અલબત્ત ચેતના શું છે એ વિશે મને કોઈ ખ્યાલ હતો નહિ. પરંતુ ચેતનાનો મારો પ્રથમ અનુભવ અહીં (મસ્તકના ઉપરનો ભાગ સૂચવે છે), મને પ્રકાશ અને શક્તિરૂપે અનુભવ થયો હતો. મેં એ (એ જ સૂચન) ત્યાં  અનુભવ્યું હતું, મારી ઉંમર પાંચ વર્ષની હતી. એ ખૂબ જ સુખદ સંવેદન હતું. હું મારી નાની આરામખુરશીમાં (જે મારે માટે ખાસ બનાવવામાં આવી હતી) મારા કક્ષમાં એકલી બેસતી હતી અને હું.... (એ શું હતું તે હું જાણતી નથી, એ કોઈ વસ્તુ ન હતી, કશું જ નહિ – મનોમય રીતે શૂન્ય) અને કોઈ ખૂબ જ શક્તિશાળી એવી કોઈ વસ્તુનું ખૂબ જ સુખદ સંવેદન મને થતું હતું... ખૂબ જ તેજસ્વી વસ્તુ, અને તે અહીં (મસ્તકની ઉપર). ચેતના. અને મને લાગણી થતી હતી : 'મારે એને જ જીવવાની છે, મારે એ જ બની રહેવાનું છે.' પેલા સર્વે શબ્દો સહિત નહિ, સ્વાભાવિક રીતે જ, પણ (માતાજી ઉપરની દિશામાંની અભીપ્સાનું સૂચન કરે છે) પછી હું એ ચેતનાને નીચે ઉતારી લાવતી હતી, કારણ એ જ હતું મારા અસ્તિત્વનું કારણ.

(The Mother : Conversation with a Disciple, July 25, 1962)

*

## શાળાનાં વર્ષો

હું ખૂબ જ તેજસ્વી વિદ્યાર્થિની હતી, કારણ હંમેશનું એ જ : હું વસ્તુઓને સમજવા માગતી હતી. અન્ય વિદ્યાર્થીઓ કરતા હોય છે તેમ ગોખણપટ્ટી કરીને હું વસ્તુઓ શીખવા માગતી ન હતી. હું વસ્તુઓને સમજવા માગતી હતી. અને મારી સ્મૃતિ કેવી તો હતી ! ધ્વનિઓ તેમ જ છબીઓ વિશેની મારી સ્મૃતિ વિચિત્ર હતી. રાત્રે હું કવિતા મોટેથી વાંચી જઉં અને બીજે દિવસે સવારે એ કવિતાને હું સમજી લેતી. અને કોઈ પુસ્તકનો અભ્યાસ હું કરી લઉં કે પુસ્તક વાંચી જઉં અને કોઈ વ્યક્તિ એ પુસ્તકમાંના ફકરા વિશે વાત કરે તો હું તુર્ત જણાવી દેતી કે આ ફકરો ફલાણા નંબરના પૃષ્ઠ ઉપર છે ! અને હું એ પૃષ્ઠ કાઢી પણ આપતી. કશું પણ સ્મૃતિમાંથી ભૂંસાઈ જતું નહિ, એ બધું જ તાજું જ રહેતું હતું. પણ આ છે વિકાસનો સામાન્ય સમયગાળો.

પછી ખૂબ નાની ઉંમરે (૮ કે ૧૦ વર્ષની ઉંમરે) મારા અભ્યાસની સાથોસાથ મેં ચિત્રકળાનો આરંભ કર્યો હતો. ૧૨ વર્ષની ઉંમરે તો મેં વ્યક્તિચિત્રો દોરવાનું શરૂ કરી દીધું હતું. કળા અને સૌન્દર્યનાં સર્વ પાસાંઓ પ્રતિ મને અપ્રતિમ આકર્ષણ રહેતું હતું. એમાં ય સંગીત અને ચિત્રકળા ખાસ. એ સમયગાળા દરમિયાન હું ઉત્કટ, આવશ્યક વિકાસની પ્રક્રિયામાંથી પસાર થઈ હતી. મારાં અગાઉનાં વર્ષો માફક હું એક આંતર ભોમિયાની સંનિધિની અનુભૂતિ કરતી હતી. અને એમ બધી શક્તિ અભ્યાસમાં જ એકાગ્ર થતી હતી. સંવેદનાઓનો, નિરીક્ષણોનો અભ્યાસ, તકનીકોનો અભ્યાસ, તુલન ાત્મક અભ્યાસ. સ્વાદ, ગંધ, અવાજને લગતા સમગ્ર પ્રકારનાં નિરીક્ષણો — બધી જ અનુભૂતિઓનું એક જાતનું વર્ગીકરણ. અને એ અભ્યાસ જીવનનાં સર્વે પાસાંઓને આવરી લેતો હતો. જીવન જે જે અનુભવો કરાવે તે સર્વ, બધા જ અનુભવો — ઉત્કટ પીડાઓ, મુશ્કેલીઓ, દુઃખો, સર્વ કાંઈ. — ઓહ ! અભ્યાસનું સમગ્ર ક્ષેત્ર. અને આ હાજરી અંતરમાં હંમેશાં અનુભવાતી હતી. એ હાજરી પ્રત્યેક વસ્તુ વિશે નિર્ણય લેતી હતી, નક્કી કરતી હતી, પૃથક્કરણ કરતી હતી, ગઠન કરતી હતી, વ્યવસ્થિત ગોઠવણી કરતી હતી.

(The Mother : Conversation with a Disciple, July 25, 1962)

## પૂર્ણતા પરત્વેની ગતિ

પણ એક વાત હતી (હવે મને સમજાય છે, તે સમયે મને ખબર ન હતી, એવું શા માટે થતું હતું) : મારે જે કંઈ કરવું હતું તે હું કરી શકતી હતી; પરંતુ અમુક સમય બાદ મને એ વસ્તુનો અનુભવ થઈ જતો હતો અને એ વસ્તુ પછી મને એટલી મહત્ત્વની લાગતી ન હતી કે સમગ્ર જીવન એને માટે સમર્પિત કરી શકાય. એટલે, પછી હું અન્ય કોઈ વસ્તુ કરવા લાગતી હતી : ચિત્રકળા, સંગીત, વિજ્ઞાન, સાહિત્ય.... સર્વ કંઈ અને વ્યવહારુ

બાબતો પણ. અને હંમેશાં અસામાન્ય ચેનપૂર્વક હું સર્વ કંઈ કરી શકતી હતી. અને પછી અમુક સમય બાદ હું એ કાર્ય છોડી દેતી હતી. એટલે જ મારાં મા (તે બહુ કડક વ્યક્તિ હતી) એમ કહેતાં : 'મારી દીકરી કોઈ પણ વસ્તુ અંત સુધી ચાલુ રાખી શકવા અસમર્થ છે.' અને પરિસ્થિતિ એ પ્રમાણે જ રહેતી : કોઈ પણ વસ્તુ અંત સુધી મારી દીકરી ચાલુ રાખી શકતી નથી – હંમેશાં કોઈ વસ્તુ એ શરૂ કરે છે, પછી એને પડતી મૂકે છે, પછી અમુક સમય બાદ એ નવું જ કંઈ શરૂ કરે છે... અસ્થિર... અસ્થિર – જીવનમાં મારી દીકરી કદાપિ કશું પણ મેળવી શકશે નહિ.' (શ્રી માતાજી હાસ્ય કરે છે.)

હંમેશાં કંઈ વધુ માટે, વધુ સારી વસ્તુ માટેની મારી અનંત જરૂરિયાત વિશેનું એ બાલિશ વર્ણન હતું.... પ્રગતિની મારી વિભાવના, પૂર્ણતા પરત્વેની ગતિ. એવી પૂર્ણતા, સર્વ લોકો એના વિશે જે વિચારે તેનાથી પર છે – એવું 'કંઈક' જેની વ્યાખ્યા કરી શકાય એમ નથી; પરંતુ એની જ ઝંખના હું મારી સર્વ પ્રવૃત્તિઓ મારફતે કરી રહી હતી.

(The Mother : Conversation with a Disciple, July 26, 1967)

## મહત્તર લવચીકતા અને વિશાળ અવકાશ

એક વખત, બહુ સમય પહેલાં, શ્રી અરવિન્દ મને એમના વિશે, એમના બાળપણ વિશે, એમના ઘડતર વિશે જણાવી રહ્યા હતા ત્યારે મેં એમને પ્રશ્ન પૂછ્યો હતો, 'વ્યક્તિ તરીકે હું, સાવ સામાન્ય કોટિની શા માટે છું ? હું કોઈ પણ વસ્તુ કરી શકું છું, જે જે કંઈ કરવાના મેં પ્રયત્નો કર્યા તે તે મેં કર્યું; પરંતુ ચડિયાતી રીતે નહિ : હંમેશાં આ જ રીતે (સામાન્ય કોટિનું દર્શાવતું સૂચન). પછી શ્રી અરવિન્દે મને જવાબ આપ્યો હતો. (તે સમયે મેં એને એમની માયાળુતા કે દયા તરીકે માની લીધું હતું.) એમનો જવાબ હતો : 'એનું કારણ એ છે કે તે મહત્તર લવચીકતા અને વિશાળ અવકાશનું પ્રદાન કરે છે. જે લોકોએ એક ક્ષેત્રમાં પૂર્ણતા પ્રાપ્ત કરી હોય છે તેઓ એકાગ્ર થયેલા હોય છે અને જે તે ક્ષેત્રના તેઓ તજજ્ઞ હોય છે.' મેં અગાઉ જણાવ્યું તેમ શ્રી અરવિન્દનો જવાબ તે બાળકને ખુશ કરવા એને પંપાળવામાં આવતું હોય એમ મેં તે સમયે માની લીધું હતું. પણ હવે મને એ સમજાય છે કે સૌથી મહત્ત્વની જે વસ્તુ છે તે છે : કોઈ પણ પ્રકારની નિશ્ચિતિ ન હોવી. કશું પણ ઊભું કરેલું ન હોવું જોઈએ, અંતિમ ન હોવું જોઈએ, સાક્ષાત્કારમાં પૂર્ણતાની ભાવના જેવું કંઈ નહિ – એટલે આગેકૂચમાં અંતિમબિંદુ જેવું કશું હોવું જોઈએ નહિ. અક્ષમતાની ભાવના (સામાન્ય કોટિની વાત કરતી વખતે મેં જે અર્થ કર્યો હતો તે કંઈક 'અસાધારણ' નહિ એ સંદર્ભે હતો.) તમને એવી અપેક્ષા રાખતા કરી દે છે (ઊર્ધ્વે અભીપ્સાનું સૂચન) કે કંઈક વધુ સારું બની આવશે. તો પછી ખૂબ જ મહત્ત્વની વસ્તુ જે બની રહે છે એ છે લવચીકતા અને વ્યાપકતા : કોઈ પણ વસ્તુનો એને નકામી, ખરાબ કે ઊતરતી કક્ષાની

ગણી પરિત્યાગ ન કરો — કોઈ પણ વસ્તુ નહિ. કોઈ પણ વસ્તુને ચડિયાતી કે સુંદર માની લો નહિ — કંઈ પણ નહિ. સદા અભિમુખતા કેળવો, સદા ખુલ્લા રહો. આદર્શ છે : આ લવચીકતા અને ગ્રહણશીલતા અને સમર્પણભાવ કેળવવો. આ અસરની સ્વીકૃતિ એટલી તો સમગ્ર હોવી જોઈએ કે જે કંઈ આવી મળે, સ્વાભાવિક રીતે, સહજ રીતે, પ્રયત્ન કર્યા વગર જે કંઈ મળી આવે, કરણ એને તુર્ત અપનાવી લે અને એને અભિવ્યક્ત કરી દે.

(The Mother : Conversation with a Disciple, February 18, 1967)

## તૈયારીની માત્રા

તે દિવસે શ્રી અરવિન્દ સવારથી માંડી સાંજ સુધી હાજર હતા.

હા, એમણે મને એક કલાક કરતાં વધુ સમય લગી એવો અનુભવ કરાવેલો કે એમાં હું માનવજાતિની જે પરિસ્થિતિ છે અને નવીન કિંવા અતિમાનસ સૃષ્ટિની સાથેના સંબંધની રીતે તેના જે જુદા જુદા સ્તરો છે તેના એક નક્કર અને જીવંત દર્શન રૂપે હું જીવી રહી હતી. અને એ વસ્તુ અદ્ભુત રીતે સ્પષ્ટ હતી અને નક્કર અને જીવતી હતી. પ્રથમ તો મને સાવ પશુ અવસ્થામાંથી બહાર નીકળી આવેલી આખીયે માનવજાતિનું દર્શન થયું. આ માનવજાતિએ માનસિક વિકાસ દ્વારા લાભ મેળવેલો છે અને પોતાના જીવનમાં તેણે એક રીતનો સંવાદ ઉત્પન્ન કરેલો છે — એ એક પ્રાણનો અને કળા અને સાહિત્યની રીતનો સંવાદ છે — અને એ રીતે જીવન જીવવામાં મોટા ભાગની માનવજાતિ સંતોષ પામી રહી છે. આ માણસોએ એક રીતનો સંવાદ મેળવી લીધો છે અને એ રીતના સંવાદમાં તેઓ સંસ્કૃતિની અવસ્થામાં હોય તેવું જીવન ગાળી રહેલા છે. એટલે કે એ લોકો કાંઈક સંસ્કારી જીવન ગાળતા હોય છે, તેમના રસો અને ટેવો સૂક્ષ્મ અને સંસ્કારી બનેલાં હોય છે. અને એ આખાયે જીવનમાં અમુક સૌન્દર્ય રહેલું છે અને એમાં લોકો આરામથી રહેતા હોય છે, અને તેમના ઉપર કોઈ આપત્તિ ન આવી પડે તો તેઓ સુખી અને સંતુષ્ટ રીતે જીવતા હોય છે, તેમને જીવનથી સંતોષ હોય છે. આ લોકો નવી શક્તિઓ પ્રત્યે, નવી વસ્તુઓ પ્રત્યે, ભાવિ જીવન પ્રત્યે આકર્ષાઈ શકે છે (કારણ કે એમનામાં રસવૃત્તિ હોય છે, તેઓ બૌદ્ધિક રીતે વિકાસ પામેલા હોય છે,) જેમ કે એ લોકો માનસિક રીતે, બૌદ્ધિક રીતે શ્રી અરવિન્દના શિષ્યો બની શકે છે. પરંતુ તેમને તેમના બાહ્ય સ્થૂલ જીવનમાં કશો ફેરફાર કરવાની જરૂર અનુભવાતી નથી, અને જો એમને એવો ફેરફાર કરવાની ફરજ પાડવામાં આવે તો એ વસ્તુ પહેલું તો કાચા સમયે બનતી ઘટના બનશે, એમાં અન્યાય હશે અને એમાંથી તેમના જીવનમાં માત્ર એક મોટી અવ્યવસ્થા ઊભી થશે અને તેમનું જીવન સાવ નિરર્થક રીતે ડહોળાઈ જશે.

આ વાત તદ્દન સ્પષ્ટ છે.

આ પછી એક નાનકડા — વિરલ વ્યક્તિઓનો — વર્ગ આવે છે. એ લોકો રૂપાંતર માટે તૈયાર થવાને માટે જોઈતો પુરુષાર્થ કરવાને માટે તૈયાર હોય છે, નવી શક્તિઓને ખેંચવા માટે, જડતત્ત્વને અનુકૂળ કરવાનો પ્રયત્ન કરવા માટે, અભિવ્યક્તિ ઇત્યાદિનાં સાધનો ખોજવા માટે તૈયાર હોય છે. આ લોકો શ્રી અરવિન્દના યોગને માટે તૈયાર હોય છે. એમની સંખ્યા ઘણી નાની હોય છે. વળી કેટલાકમાં બલિદાનની ભાવના પૂરેપૂરી હોય છે અને કઠોર કષ્ટમય જીવન ગાળવાથી જો ભાવિના રૂપાંતર પ્રત્યે જવાતું હોય યા તો તેમાં મદદ મળતી હોય તો તેવું જીવન ગાળવા માટે પણ તે તૈયાર હોય છે. પરંતુ આ લોકોએ બીજા માણસો ઉપર પ્રભાવ પાડવાનો અને તેમની પોતાની સાધનામાં તેમને ભાગ લેતા કરવાનો પ્રયત્ન ન કરવો જોઈએ, કોઈ પણ રીતે પ્રયત્ન ન કરવો જોઈએ. એમ કરવું બિલકુલ યોગ્ય નહિ ગણાય — એમ કરવું માત્ર અયોગ્ય જ નહિ હોય, પરંતુ એ અત્યંત કઢંગી વસ્તુ બની જશે, કેમ કે એમ કરવા જતાં વિશ્વનો લય અને ગતિ બદલાઈ જશે અથવા કાંઈ નહિ તો પૃથ્વીની ગતિ તો બદલાશે જ અને પૃથ્વીની એ ગતિને મદદ રૂપ થવાને બદલે ઊલટું સંઘર્ષો ઊભા થશે અને અંતે અંધાધૂંધી થઈને રહેશે.

પરંતુ આ અનુભૂતિ એટલી બધી તો જીવંત હતી, વાસ્તવિક હતી કે તેથી મારું આખુંયે વલણ (આ કેવી રીતે સમજાવું? એ એક શાંત વલણ હતું, એક સક્રિય સંકલ્પને પરિણામે તે બનેલું ન હતું), કામને અંગે મેં ધારણ કરેલી આખીયે સ્થિતિ બદલાઈ ગઈ છે. અને એમાંથી એક શાંતિ આવી છે — શાંતિ અને સ્વસ્થતા અને વિશ્વાસ એકદમ નિશ્ચયાત્મક રીતનાં આવ્યાં છે, એક નિશ્ચયાત્મક ફેરફાર બની આવ્યો છે. અને પહેલાંની સ્થિતિમાં જે જે કંઈ જિદ્દ તરીકે, અણઘડતા તરીકે દેખાતું હતું, અચિત્ અને હરેક રીતની દયાજનક ચીજો રૂપે દેખાતું હતું તે બધું પણ અદૃશ્ય થઈ ગયું છે. એ જાણે કે એક મહાન વિશ્વરૂપ લયનું દર્શન હતું, એમાં દરેક વસ્તુ પોતાને સ્થાને રહેલી હોય છે અને બધું જ બરાબર હોય છે. અને રૂપાંતર માટેની સાધના પછી એક નાનકડી સંખ્યાના માણસો પૂરતી જ બની રહેતાં એ ઘણી જ વધારે મૂલ્યવાન બની રહે છે અને સાક્ષાત્કાર માટે ઘણી જ વધારે શક્તિશાળી બની રહે છે. એ જાણે કે જે લોકો નવી સૃષ્ટિના આદ્ય સ્થાપકો બનવાના છે તેમની પસંદગી થઈ ગઈ હોય એના જેવું બની ગયું છે. ‘વિસ્તાર કરવો’ ‘તૈયાર કરવા’ કે પછી જડતત્ત્વનું મંથન કરવું એ અંગેના તમામ વિચારો બાલિશતા છે. એ માનવની બેચેની છે.

આ દર્શન એક એવું તો ભવ્ય સૌન્દર્ય હતું, એવું તો સ્વસ્થતાથી, સ્મિતથી ભરેલું સૌન્દર્ય હતું... ઓહ! એ દર્શન દિવ્ય પ્રેમથી સભર હતું, સાચેસાચ સભર હતું. અને એ દિવ્ય પ્રેમ તે ‘ક્ષમા દેનારો’ પ્રેમ ન હતો — આ પ્રેમ એવો નથી, જરા પણ એવો નથી! દરેક વસ્તુ એના પોતાના સ્થાનમાં છે, અને પોતાના આંતરિક લયને પોતાથી કરી શકાય

તેટલી સંપૂર્ણ રીતે સિદ્ધ કરી રહી છે.

એ એક અતિશય સુંદર ભેટ હતી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૨૫થી ૨૭)

## ૨૨ ઑગસ્ટ, ૧૯૬૮

(શ્રી માતાજીએ પોતાના સ્થૂલ શરીરને જોખમમાં મૂકતી એક મહા કસોટી અંગે લખેલી નોંધ વિશે.)

ડૉક્ટર સલાહ આપે છે કે મારે થાકી જવાય એટલું બધું કામ ન કરવું જોઈએ. પણ શેનાથી થાક ચડે છે? જે વસ્તુ નકામી હોય છે તેને લીધે જ.

જે લોકો સાચી ભાવનાવાળા હોય છે અને જેમને  મળવાથી તેમને લાભ થતો હોય છે એવાઓને મળવાથી થાક લાગતો નથી.

પણ જે લોકો સિદ્ધાંતો અને આચારની વાતો કરવા આવે છે, પોતાની બુદ્ધિમાં જે એમ માનતા હોય છે કે પોતે તો બહુ ઊંચી કોટિની વ્યક્તિઓ છે અને સત્ય અસત્યનો ભેદ કરી કરી શકે છે, જેમને એવી કલ્પના હોય છે કે પોતે અમુક દૃષ્ટિ સાચી છે કે નહિ, અમુક વિચાર પરમ વાસ્તવિકતા સાથે મેળામાં છે કે નહિ તેનો નિર્ણય કરી શકે છે એ બધા ખરેખર થાક ચડાવે તેવા માણસો હોય છે અને એમને મળવાથી, કાંઈ નહિ તો, કશો અર્થ તો સરતો નથી જ.

આ ઉચ્ચ બુદ્ધિવાળા મનુષ્યો તેમના કંઈ હજારો વર્ષો લગી ચાલ્યા કરે તેવા રસ્તે ભલે દડબડ દડબડ કરતા ચાલ્યા કરે, પણ તેઓ એટલું કરે કે જે શુભ ભાવિ અને સાદા, સરળ અને પ્રભુની કૃપામાં શ્રદ્ધા રાખનારા લોકો તેમના પ્રકાશના માર્ગ ઉપર શાંતિથી જતા હોય છે તેમાં વચ્ચે ન પડે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૧ : ૧૩૩થી ૧૩૪)

## શ્રી અરવિન્દના નામની શક્તિ

જ્યારે વ્યક્તિ સચ્ચાઈપૂર્વક ''તેને'' પુકારે છે, ત્યારે ત્યાંથી (શ્રી મા હૃદય તરફ અંગુલિ નિર્દેશ કરે છે) શ્રી અરવિન્દ પ્રત્યુત્તર આપે છે, તે હૃદય ''તેના'' ''નામસ્મરણ'' થી ''તેની'' ચેતનાથી ગુંજતું હોય છે, ત્યાં શ્રી અરવિન્દના નામનો પ્રતિઘોષ થઈ રહ્યો છે. કારણ કે ''તેની'' છાપ ત્યાં છે. (અભિનય).

ખૂબ જ ઊંડાણોમહીં ''તે'' જ નિવાસ કરે છે... ''તેના'' થકી જ સમગ્ર અસ્તિત્વ પ્રાણવંત છે. ''તેના'' થકી જ તે ધબકી રહ્યું છે. સમગ્ર બ્રહ્માંડ એમના થકી જ ધબકી રહ્યું છે. ''તે'' સર્વ વસ્તુમાં છે, ''તેની'' સન્નિધિથી ડોલાયમાન અને ચલાયમાન.

''તેમના નામ''નો હર્ષ સર્વની અંદર આરપાર ઊતરી નિર્મલ બનાવી દે છે, સર્વત્ર ગુંજન અને પ્રતિઘોષ કરી રહ્યો છે, પાવન હર્ષ સાથે, જે છે સનાતન અને સત્ય, ''તેમના નામ'' થકી જ અસ્તિત્વની સાર્થકતા છે.

આ અખિલ બ્રહ્માંડમાં સકલ ચરાચરમાં છુપાયેલ ''અંતર્યામી'' ને ફરી શોધી કાઢવાનો છે... ''તેને'' શોધવો તે એક સનાતન રમત છે. ''તેની'' અનુભૂતિ કરવી એટલે કે પૂર્ણ ''પવિત્રતા''ની નિર્વિકાર ''શાંતિ''નો અનુભવ કરવો. ''તેનો'' સાક્ષાત્કાર કરવો એટલે સનાતન ''આનંદ''ને શોધી કાઢવો. ''તેને'' પુકારવું એટલે ''અનંત''ના દ્વારોને ખોલી નાખવાં. આ છે શ્રી અરવિન્દના નામનો મહિમા... (શ્રી મા અંતર્લીન થઈ જાય છે.)

ત્યારે, આ છે કૃતજ્ઞતાનો અર્થ : ''પ્રભુ''નું અસ્તિત્વ છે અને નિરંતર આભાર-અભિવ્યક્તિનું કાર્ય અલૌકિક હર્ષ થકી આપણા અસ્તિત્વને એક ભવ્ય આત્મનિવેદનથી ભરી દે છે અને આપણે આપણી જાતને અર્પી દઈએ છીએ, શાંતિ ભક્તિભાવ સાથે આપણા અસ્તિત્વના ''પરમેશ્વર પ્રભુ''ને.

*પરંતુ મા, શ્રી અરવિન્દ હંમેશાં કહેતા કે ''તમે'', ''તમે''જ અમારી અંદર વિરાજમાન છો.*

હા, તે સાચું છે, તદ્દન સાચું. હું, હું ત્યાં એક ''શાશ્વત જ્યોતિ'' મહીં ''ઉપસ્થિતિ'' રૂપે હાજરાહજૂર છું, હું જ ''શક્તિ'' રૂપે કાર્યને સંચાલિત કરી આરંભું છું. હું જ ''શાંતિ''રૂપે સર્વ માધુર્ય અને શાંતિને પ્રસરાવું છું, હું જ ''આનંદ'' રૂપે છલકાવીને ઊર્ધ્વગામી કરું છું, ''પ્રકાશ'' રૂપે વિશુદ્ધિ કરું છું, હું જ ''સ્પંદન'' રૂપે અનુમતિ આપું છું.

શ્રી અરવિન્દ ત્યાં એક આધારરૂપ ''હસ્તી'' છે, અને હું ત્યાં ''માર્ગદર્શક'' રૂપે. વાસ્તવમાં એક જ તત્ત્વ દ્વૈત રૂપે છે. ''એક'', ''સાક્ષીરૂપ'' છે જે નિરીક્ષણ કરે છે અને બીજું ''શક્તિસ્વરૂપ'' છે ન જે કાર્યસાધક છે.

જ્યાં સુધી આ વસ્તુની અનુભૂતિ વ્યક્તિને થતી નથી ત્યાં સુધી તે કશું જ સમજી શકતો નથી.

ગમે તે હોય, તારી કૃતજ્ઞતાનો સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો છે. ''તેમણે'' તારી પ્રાર્થના સાંભળી છે અને તને મારા આશીર્વાદ આપું છું.

હા, મારા બાળક, જેઓ શ્રી અરવિન્દ અને મને પિછાની લે છે — વાસ્તવમાં તે એક જ વસ્તુ અભિન્ન છે, — તેને માટે સત્ય પ્રતિની કૂચ વચ્ચે આવતી સર્વ રૂકાવટો, મુશ્કેલીઓ, ફંદાઓ — જંજાળો, કહેવાતી બધી જ અડચણોને સાફ કરી દેવામાં આવે છે અને સદાને માટે દૂર કરી દેવામાં આવે છે — આ જન્મમાં તેમજ મૃત્યુ બાદ પણ અને આવનાર જન્મો સુધી — શાશ્વતકાળ સુધી.

હા, તેને માટે ''પ્રભુ'' — શ્રી અરવિન્દ સર્વશક્તિમાન છે.

બસ રટણ કરવાનું છે.

''મા — શ્રી ઑરોબિન્દો, માં — શ્રી ઑરોબિન્દો''... (ધ્યાનસ્થ)

આટલું પૂરતું છે. (ધ્યાનસ્થ)

(પરમ પુસ્તક : પૃ. ૮૧થી ૮૪)

બધું જ મારા ઉપર છોડી દે અને વહી જવા દે તારી જાતને પ્રવાહમાં અને તને માર્ગદર્શન મળશે. એ તો દેખીતું છે કે પૃથ્વી ઉપર અવતરવાનો મારો હેતુ, શરીરનું અને તેના થકી અતિમનસ શક્તિથી પૃથ્વીનું રૂપાન્તર તો જ સિદ્ધ થાય જો હું ''અતિમનસ'' તત્ત્વ માનવજાતિમાં બીજ રૂપે રોપી શકું અને ત્યાર પછી જ પૃથ્વી ઉપર તેનું સાતત્ય સલામત રીતે જળવાય.... અત્યારે જે હું ધારણ કરી રહી છું તેનો એકાદ હજારમો ભાગ પણ તે હશે તો પણ તે આ અભિયાનને પૃથ્વી ઉપર સ્થાયી બનાવવા માટે પૂરતું હશે.

નહિ તો... હું કહીશ કે પૃથ્વી અને માનવ તૈયાર ન હતાં. એક મહત્તર ''પ્રકાશ'' મહત્તર ''જ્ઞાન'', મહત્તર ''આનંદ'' નો સ્વીકાર કરવાની પાત્રતા ધરાવતાં ન હતાં, સનાતન પ્રતિ અને ઋત અસ્તિત્વ પ્રતિ પોતાને ખુલ્લી કરવા તૈયાર ન હતાં.

(પરમ પુસ્તક : પૃ. ૫૪)

હા. શ્રી અરવિન્દે બધી જ વ્યવસ્થા કરી દીધી હતી જેથી મારું કાર્ય સરળ બની જાય. ''અચિત્'' ના આ પ્રદેશને ખોલવાની ચાવી શ્રી અરવિન્દ પાસે છે. દ્વાર ખોલી દેવા માટે તેઓ ચાવી ફેરવે છે અને મારા માર્ગને પ્રજ્વલિત કરી દે છે, અને ખૂબ જ હળવેથી હું આ જડ અને તમોગ્રસ્ત સ્થૂલ-દ્રવ્ય ના શરીરમાં ''શક્તિ'', ''પ્રકાશ'', અને ''ભાગવત આનંદ'' ને ભરી દેવા પ્રવેશ કરું છું ત્યારે આ રૂપાંતરકારી પ્રકાશનો સ્પર્શ થતાં જડ-દ્રવ્યનું ગઠબંધન કરતા અણુઓ ''નૂતન ચેતના'' પ્રતિ જાગ્રત થાય છે. આ રીતે કાર્ય ચાલુ રહે છે, પ્રસરે છે, યાને, બહુયામી બને છે. તને ખબર છે, શ્રી અરવિન્દ તો ''સ્થૂલ-દ્રવ્ય''ના ''આત્મા'' છે, સમસ્ત માનવજાતની અભીપ્સા છે. ''તે'' છે પ્રકાશ, ''સ્થૂલચેતના'' નો યાને ''સ્થૂલ''માં અવતરેલ ''આત્મા''. પોતાને ''પરમેશ્વર''માંથી અલિપ્ત કરી શ્રી અરવિન્દ આ સ્થૂલ દ્રવ્યમાં અવગાહન કરીને અચિત્ અને અજ્ઞાનનો બોજો પોતા ઉપર લઈ આ દેહરૂપે આવ્યા છે, જેથી કરીને તેઓ દિવ્ય જીવન પ્રતિ જાગ્રત બને. એ માટે તેઓએ ''પરમેશ્વર'' ને, ''કૃપા''ને પૃથ્વીને પાટલે નીચે ઉતારી ''તેમના'' કાર્યમાં મદદ કરવા આવાહન કર્યું છે. એટલા માટે જ, ''તેમના'' સાદને સાંભળીને હું અહીં પાર્થિવ જગતમાં જ્યાં પીડા, યાતના અને મૃત્યુ છે તેમાં સ્થૂલદેહે અવતરી છું અને અમારા બન્નેનો યોગ થવાને કારણે જગત ધીરે ધીરે દિવ્ય જીવનના આ ચમત્કારનું સાક્ષી બનશે. ''તેમને'' માટે જ હું અવતરી છું. સ્થૂલ-દ્રવ્યની આ તીવ્ર અભીપ્સાને ''તેમણે'' ઊર્ધ્વમાં મોકલી અને ''કૃપા'' એ અવતરણ કરી તેનો પ્રતિઉત્તર આપ્યો. આ પૃથ્વી માટે તો કેવી ધન્ય ઘડી છે! મહાન પ્રગતિ કરવા માટેનો એક અનોખો અવસર જેના થકી સમગ્ર વિશ્વ તેના અસ્તિત્વના અંતિમ લક્ષ્ય પ્રતિ જબરદસ્ત ઉત્સાહ અને સ્ફૂર્તિ સાથે વિકસી શકે. ''અમારી'' મદદ અને ''અમારો'' સંકલ્પ તેને ઉપલબ્ધ બની આગળ ધપાવતો હોય તો

એવી તો કઇ વસ્તુ છે જેનો સાક્ષાત્કાર કરવાનું અસંભવ હોય! આ અણમોલ ઘડી છે.

તને ખબર છે, હરેક પ્રકંપન જે અમારામાં નિષ્પન્ન થાય છે, જ્યોતિનું દરેક કિરણ અમારામાં વિકીર્ણ પામે છે તે દીવાદાંડી બની અચિત્‌ના અસ્તિત્વમાં પ્રસરી જાય છે અને તેના અસ્તિત્વના સત્ય પ્રતિ જતા માર્ગને પ્રજ્વલિત કરે છે. માત્ર શ્રી અરવિન્દ થકી જ હું આ કાર્ય સંપન્ન કરી શકી છું. અધિકાંશ કાર્ય તો તેઓએ જ કરી દીધું છે. ''તે'' મને નિમંત્રે છે, ''તે'' દ્વાર ખોલી દે છે અને હું આ અચિત્‌ના ''ઊંડાણોમહીં'' પ્રવેશ કરું છું. અને અચિત્‌ના અંધકારમાં પડેલ અણુઓમાં પ્રકાશની જ્યોતિ પ્રજ્વલિત કરું છું. હું ત્યાં શક્તિનું થોડું દબાણ મૂકું છું. જેથી કરી તેઓ જાગ્રત બને અને હું આ ''ભાગવત પ્રેમ''ને અર્પું છું જેથી કરી તેઓ વધારે અભીપ્સા કરે. હું પ્રત્યેક અણુને આ રીતે શક્તિસભર બનાવું છું.

જ્યાં અમારાં પગલાં પડ્યાં છે અને અમારાં પદ ચિહ્નોને અમે છોડ્યાં છે ત્યાં અણુઓ પ્રકાશિત થઈ ઊઠ્યાં છે અને તેઓની સમીપના બીજા અણુઓને પ્રભાવિત કરે છે અને આ રીતે રૂપાંતરનો સિલસિલો પૂરજોશથી ચાલુ રહે છે.

(પરમ પુસ્તક : પૃ. ૭૦-૭૧)


***

## આબોહવા (વાતાવરણ) પરત્વેની સંવેદનશીલતા

મારા બાળપણના પ્રારંભિક દિવસોથી જ હવાની રચના, એના ઘટક દ્રવ્યો વિશે હું ખૂબ જ સંવેદનશીલ છું. 'હવાઓ', હું જો એમ જણાવું તો. એ પ્રત્યેક હવાને એનો પોતાનો સ્વાદ હોય છે, એનો પોતાનો રંગ, એની પોતાની ગુણવત્તા હોય છે. અને હું એ વસ્તુઓને એટલી હદે ઓળખી જતી કે અમુક વખતે હું બોલી ઊઠતી ''ઓહ ! આબોહવા...'' (હું તે સમયે બાળક હતી, અલબત્ત), 'આ દેશની આબોહવા કે પેલા સ્થળની આબોહવા અહીં આવી હતી.' તો પરિસ્થિતિ એ મુજબ હતી. શુદ્ધ હવાની ગુણવત્તા પરત્વે હું એકદમ સંવેદનશીલ હતી. લોકો જ્યાં ખીચોખીચ ભરાયેલા હોય એવા સ્થળમાંથી તેમ જ જીવનતત્ત્વના વિઘટનમાંથી આવતા તત્ત્વ વગરની શુદ્ધ હવા મને ગમતી હતી. અને મારી આ સંવેદનશીલતા એટલી તો સખત માત્રામાં હતી કે હવા બદલાવાથી મારી કોઈ બીમારી હોય તો તે પણ દૂર થઈ જતી હતી. હું જ્યારે થેંઓને મળી હતી ત્યારે એમાં સભાનતાનું તત્ત્વ ઉમેરાયું હતું. અને એ હજુ ચાલુ રહ્યું છે... થોડા દિવસ અગાઉ જ મેં જણાવ્યું હતું 'હવામાં કંઈક નવીન તત્ત્વ ઉમેરાયું છે.'

(Blessings of the Grace, p. 73)

***



હું એકમાત્ર શ્રી અરવિન્દની જ શક્તિ છું અને મારાં સર્વ બાળકોની 'મા' છું.

મારાં સર્વ બાળકો મારી આત્મસત્તા અને મારી ચેતનાના એકસમાન રીતે ભાગ રૂપ છે. તેઓ જ્યારે રૂપાંતર પામીને પોતાના અંતરતમ સત્યનો સાક્ષાત્કાર કરશે ત્યારે પ્રત્યેકને મારા તેમ જ શ્રી અરવિન્દના કોઈ અંશને અભિવ્યક્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થશે.

એક સર્વસાધારણ આવિર્ભાવના પારસ્પારિક અવલંબનમાં સર્વની એકતા જ પૃથ્વી ઉપર નૂતન અને દિવ્ય જગતના સર્જનને અનુમતિ આપશે. પ્રત્યેક (બાળક) પોતાનો હિસ્સો લઈ આવશે; પરંતુ કોઈનો પણ હિસ્સો આપમેળે પૂર્ણ નહિ હોય — સિવાય કે સમગ્રના પારસ્પારિક અવલંબનમાં પ્રત્યેક એક શક્તિ રૂપે હોય.

(વર્ષ ૧૯૨૭ આસપાસ આ લખાણ શ્રી અરવિન્દે લખ્યું હતું.)

CWSA 32 : 84

શ્રી અરવિન્દ

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ યોગ કેન્દ્ર નવસારી પર શ્રી માતાજીના ૧૪૫મા જન્મ દિવસની ઉજવણી નિમિત્તે ધ્યાન, પ્રાર્થના, આવાહન અને પુસ્તક સાવિત્રીશબ્દામૃત-૧૫ના ભગવદર્પણના કાર્યક્રમોનું આયોજન ૨૧ ફેબ્રુઆરીના રોજ થયું હતું. સવારે ૧૦-૦૦ કલાકે શ્રી માતાજીના ધ્વજનું આરોહણ કર્યા બાદ દિવ્યાંશ સમક્ષ ૐ આનંદમયિ, ચૈતન્યમયિ, સત્યમયિ પરમે મંત્રોચ્ચારોનો કાર્યક્રમ થયો. ત્યારબાદ ધ્યાનખંડમાં ધ્યાનનો કાર્યક્રમ થયો. ૧૧-૦૦ કલાકે કેન્દ્રના ઉપરના સભાખંડમાં પુસ્તકના ભગવદર્પણના કાર્યક્રમનો આરંભ થયો. શ્રી દિલીપભાઈ પટેલે સ્લાઈડ-શોના માધ્યમથી શ્રી માતાજીના જન્મ દિવસની ઉજવણી વિશેનાં લખાણો અને છબીઓનું નિદર્શન કર્યું. સાવિત્રીશબ્દામૃત-૧૫ના આવરણચિત્રનું પોતે તૈયાર કરેલું વિશાળ ભીંતચિત્ર પણ તેમણે વિશાળ પડદા પર દર્શાવ્યું. દીપ પ્રાકટ્યની વિધિ બાદ પુસ્તકના ભગવદઅર્પણની વિધિ ડૉ. બીના નાયકના શુભ હસ્તે સંપન્ન થઈ. ડૉ. બીનાબહેન, પોતાના ઑરોવિલ નિવાસકાળ દરમિયાન શ્રી શ્રદ્ધાવાનજી સાથે કેવી રીતે સંપર્કમાં આવ્યાં અને કયા સંજોગોમાં શ્રી હેમામાલિનીની નૃત્યનાટિકાના જાહેર કાર્યક્રમનું આયોજન 'સાવિત્રીભવન' માટે ભંડોળ એકઠું કરવા માટે નવસારીમાં થયું હતું અને સાવિત્રીભવનના આરંભના દિવસોમાં વૃક્ષ નીચે થતા સાવિત્રીવાચનના કાર્યક્રમો વિશે રોચક રજૂઆત કરી. શ્રી દિલીપભાઈ પટેલે પણ શ્રી શ્રદ્ધાવાનજી અને એમની ટીમના સભ્યો ૪-૫ દિવસ માટે નવસારીના મહેમાન થયા હતા એની ભાવવાહી વિગતો શ્રોતાઓને સંભળાવી.

છેવટે શ્રી કિરીટભાઈ ઠક્કરે સાવિત્રી મહાકાવ્ય વિશે, શ્રી શ્રદ્ધાવાનજીએ પ્રત્યેક પંક્તિનું કરેલું વિવરણ તથા એના મહત્ત્વ વિશે વાત કરી. સાવિત્રીશબ્દામૃત-૧૫ પુસ્તકમાં જેનું વિવરણ સમાવાયેલું છે તે પર્વ ૪, જન્મ અને ખોજનું પર્વના ચારેય સર્ગો વિશે ટૂંકી અને મુદ્દાસર રજૂઆત કરી. આ પ્રસંગે શ્રી દિલીપભાઈ પટેલે તૈયાર કરેલ સાવિત્રીશબ્દામૃત-૧૫ના આવરણચિત્રનું વિશાળ ભીંતચિત્ર કેન્દ્ર દ્વારા ચિત્રના કળાકાર શ્રીમતી યુક્તાબહેન ઠક્કરને ભેટ આપવામાં આવ્યું. શ્રીમતી યુક્તાબહેન ઠક્કરે પોતે તૈયાર કરેલ ફેબ્રિક કલર પેઈન્ટીંગ સમાવતા બે ટેબલ ક્લોથ કેન્દ્રને અર્પણ કર્યાં. સઘન હાજરીસભર વાતાવરણમાં કાર્યક્રમો સંપન્ન થયા. કાર્યક્રમ બાદ કેન્દ્ર દ્વારા ભોજન-પ્રસાદીની વ્યવસ્થામાં કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન કેન્દ્રના કાર્યકર્તાઓએ કર્યું હતું. કાર્યક્રમમાં નવસારી ઉપરાંત, બીલિમોરા, વલસાડ અને આજુબાજુના વિસ્તારના સાધકોએ હાજરી આપી હતી. (અહેવાલ : કિરીટ ઠક્કર)

તા. ૨૧-૨-૨૦૨૩ને મંગળવારના રોજ શ્રી માતાજીના ૧૪૫મા જન્મદિવસના તથા દર્શનદિનના પવિત્ર પાવન પ્રસંગે શ્રી અરવિન્દ સોસાયટી જામનગર કેન્દ્રમાં સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન યોજવામાં આવ્યું હતું. ઉપરાંત સાંજે ૭.૦૦થી ૮.૩૦ વાગ્યા દરમિયાન ભક્તિગીત, શ્રી માતાજીના જીવનદર્શન તેમ જ એમના દ્વારા માનવજાતિના ઉત્થાન માટે કરેલાં કાર્યો અંગેનું વાંચન અને અંતે ઓર્ગન મ્યુઝીક સાથે ધ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને કાર્યક્રમો દરમ્યાન કેન્દ્રનું વાતાવરણ શ્રી અરવિન્દ તથા શ્રી માતાજીની સંનિધિસભર રહ્યું.

***

શ્રી માતાજીની ૧૪૫મી જન્મજયંતીની ઉજવણીના કાર્યક્રમનું આયોજન શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર લુણાવાડા દ્વારા ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ કબીર આશ્રમના મહંત શ્રી પુરુષોત્તમદાસજી સાહેબની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો આરંભ પ્રાર્થના અને સામૂહિક ધ્યાનથી કરવામાં આવ્યો હતો. એ પ્રસંગે કેન્દ્રના અભ્યાસુ ૯થી ૧૦ વક્તાઓએ શ્રી અરવિન્દ, શ્રી માતાજીનાં જીવનકાર્ય વિશે સુંદર રજૂઆતો કરી હતી. કેન્દ્રના શ્રી અરવિન્દભાઈ ત્રિવેદીએ ઉપસ્થિત સર્વ મહેમાનો, કેન્દ્રના સભ્યો તથા બાળકોને આશીર્વાદ પેકેટસ અર્પણ કર્યાં હતાં. કેન્દ્રના અધ્યક્ષશ્રીએ સુવેનિયર 'પૂર્ણતાને પંથે' શ્રી માતાજીને અર્પણ કર્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષશ્રીએ અંતે સૌને આશીર્વચન પાઠવ્યા હતા. આભારવિધિ શ્રી રમણભાઈ પ્રજાપતિએ કરી હતી.

***

**નવું પ્રકાશન : શ્રી માતાજીને ચાહો : Love the Mother**

સંકલન : શ્રીશ્યામ માંડવિયા. પ્રકાશક : મા, શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, 'અર્પણ' ૨૫૯ - વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, રાજકોટ-૩૬૦ ૦૦૫. ટાઇપ સેટિંગ, લે-આઉટ અને ડિઝાઈન : વિશ્વા માંડવિયા. પૃષ્ઠ : ૩૬. સારી ગુણવત્તાવાળા કાગળ ઉપર સુંદર છાપકામ. આવરણ ચિત્ર : શ્રી માતાજીની તથા દર્શન છબી - રંગબેરંગી. મૂલ્ય : અમૂલ્ય. પુસ્તિકામાં સમાવાયેલાં શ્રી અરવિન્દ અને ઠડશ્રી માતાજીનાં લખાણોનો સંકલનકર્તાએ ભાવાનુભાદ કરેલો છે. સુંદર પ્રકાશન.

***

# હું અને શ્રી અરવિન્દ એક છીએ.

હવે તમે એક વસ્તુ યાદ રાખો. શ્રી અરવિન્દ અને હું પોતે એક જ છીએ. અને એક જ ચેતના છીએ. એક અને તેની તે વ્યક્તિ. ફક્ત જ્યારે આ હાજરી જે એક જ છે, તે તમારી વ્યક્તિગત ચેતનામાં થઈને પસાર થાય છે, ત્યારે તે એક સ્વરૂપ ધારણ કરે છે, એક દેખાવ ધારણ કરે છે જે તમારી પ્રકૃતિ અનુસાર, તમારી અભીપ્સા અનુસાર, તમારી જરૂરિયાત અનુસાર અને તમારા સ્વરૂપના વિશિષ્ટ વલણ અનુસાર જુદા જુદા હોય છે. તમારી વ્યક્તિગત ચેતના એક ગળણી જેવી, એક દર્શક જેવી હોય છે. જો હું તે પ્રમાણે કહી શકું તો : તે એક પસંદગી કરે છે અને દિવ્ય શક્યતાઓની અનંતતાની એક શક્યતા નક્કી કરે છે. વાસ્તવિક રીતે, પ્રભુ દરેક વ્યક્તિને તે તેમની પાસે જે પ્રકારની માગણી કરે છે તે પ્રમાણે જ બરાબર આપે છે. જો તમે એમ માનો કે પ્રભુ તમારાથી દૂર દૂર છે અને તે ઘાતકી છે, તો તે તમારાથી દૂર દૂર અને ઘાતકી જ રહેશે, કારણ કે તમારા અંતિમ શુભને માટે એ જરૂરી હશે કે પ્રભુનો ક્રોધ તમે અનુભવો; કાલીના પૂજકો માટે તે કાલી હશે અને ભક્તને માટે તે પરમાનંદ હશે. જ્ઞાનની શોધ કરનારા માટે તે સર્વજ્ઞ હશે, માયાવાદી માટે તે અવૈયક્તિક પરમ તત્ત્વ હશે; નાસ્તિક માટે તે નાસ્તિક હશે અને પ્રેમી માટે પ્રેમ હશે. શ્રદ્ધાવાન સાથે કાયમ તે ભ્રાતૃભાવવાળો નજીકનો મિત્ર હશે અને તેને મદદ કરવા માટે તે તૈયાર હશે, જેઓ તેનો આંતરિક માર્ગદર્શક તરીકે દરેક ગતિમાં અને દરેક ક્ષણે અનુભવ કરશે. અને જો તમે એવી માન્યતા રાખશો કે તે બધી વસ્તુઓને ભૂંસી નાખી શકે છે, તો તે તમારા બધા દોષોને, તમારી બધી ભૂલોને અથાક રીતે ભૂંસ્યા જ કરશે અને તમે તેની અનંત કૃપાનો દરેક ક્ષણે અનુભવ કરી શકશો. તમારી ઊંડામાં ઊંડી અભીપ્સામાં તમે પ્રભુ વિશે જે ધારશો તે ખરેખર તે હશે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૫૨-૫૩)

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૯ : અંક ૦૪)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.